જૂન (પ્રથમ) ૨૦૨૦ | ₹ 30.00

ચંપક



VISIT…

LANZAROTE

Caliente.COM

ચંપક

અંક : ૧૦૫૦

FOUNDER
VISHWA NATH
1917-2002



ટૂંકી વાર્તાઓ

મજાની મજા

14 કોયડા માત્ર તમારા માટે

ચિત્રવાર્તાઓ

મુખપૃષ્ઠ



લોકડાઉને તમને દુખી કરી દીધા છે, પરંતુ તમે ગભરાશો નહીં અમે તમારા માટે સમાધાન લઈને આવ્યા છીએ. અમારા કોયડા સ્પેશિયલ અંક રસપ્રદ અને ચેલેંજિંગ એક્ટિવિટીઝ સાથે તમારા દિમાગની ઘંટડીને વગાડશે.

વિશેષ પૃષ્ઠ

સંપાદક અને પ્રકાશક ● પરેશ નાથ

મુખ્ય સંપાદન, જાહેરખબર અને પ્રકાશન કાર્યાલય : દિલ્લી પ્રેસ ભવન, ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, રાણી ઝાંસી માર્ગ, નવી દિલ્લી - ૧૧૦૦૫૫.
ફોન : ૦૧૧૪૧૩૯૮૮૮૮ ફેક્સ : ૦૧૧-૨૩૬૨૫૦૨૦
અમદાવાદ સંપાદન અને જાહેરખબર વિભાગ : દિલ્લી પ્રેસ, ૩૧, નારાયણ ચેમ્બર્સ, આશ્રમ રોડ, અમદાવાદ - ફોન : ૨૬૫૭૭૮૪૫ ફેક્સ : ૨૬૫૭૭૦૬૩
દિલ્લી પ્રેસ પત્ર પ્રકાશન પ્રાઈવેટ લિમિટેડ વતી પ્રકાશક અને મુદ્રક પરેશ નાથ દ્વારા પીએસ પીસી પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ, ડીએલએફ-૫૦, ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફરીદાબાદ, હરિયાણા-૧૨૧૦૦૩, દિલ્લી પ્રેસ ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લીથી પ્રકાશિત.

Editor, Publisher & Printer : Paresh Nath
Printed at PS PC Press Pvt. Ltd. DLF-50, Industrial Area, Faridabad, Haryana-121003. and Delhi Press E-8, Jandewala Estate New Delhi - 110 055 and Published on behalf of Delhi Press Patra Prakashan Private Ltd.
From E-8, Jhandewala Estate, New Delhi - 110 055

વાર્ષિક લવાજમ માત્ર ડ્રાફ્ટ/મનીઓર્ડરથી 'ચંપક'ના નામે ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લી-૧૧૦૦૫૫ ખાતે મોકલવા. ચેક તથા વી.પી.પી. સ્વીકારાતા નથી.
કિંમત : ૩૦ રૂપિયા. એક વર્ષ માટે ૭૫૦ રૂપિયા, બે વર્ષ માટે ૧,૪૫૦ રૂપિયા, (ભારતમાં).

તમારી વાર્તા, કવિતા, ડ્રોઈંગ્સ અને ક્રાફ્ટ્સ અહીં મોકલી શકો છો : writetochampak@delhipress.in
www.facebook.com/ChampakMagazine **અને** https://www.youtube.com/ChampakSciQ



પર્યાવરણ દિન



વાર્તા • લલિત મોહન

લેડી લોંકડ ચંપકવનનાં વૃક્ષોને ખતમ કરવાની યોજના બનાવી રહ્યો હતો. તેને ચંપકવનના પ્રાણીઓ નહોતા ગમતા. હંમેશાં તેમને નુકસાન પહોંચાડવાની નવી તરકીબો વિચારતો રહેતો હતો. તે માટે તેણે કેટલાક માણસો સાથે સાંઠગાંઠ કરી લીધી હતી.

''આપણે ચંપકવનનાં વૃક્ષો કાપવા પડશે. જો વૃક્ષ નહીં હોય તો જંગલ ખૂબ ઉજ્જડ થઈ જશે. ત્યાંના પ્રાણીઓ પરેશાન થઈ જશે અને તે ભૂખથી મરવા લાગશે. હું એ જ ઈચ્છુ છું.'' બેડી લોંકડે લુચ્ચા હાસ્ય સાથે તસ્કરને કહ્યું.

''હા, આપણે વૃક્ષ કાપીને તેમને વેચીને માલામાલ થઈ જઈશું.'' તસ્કરે પોતાની કુહાડી ઉઠાવતા કહ્યું.

''આપણે ખૂબ ચાલાકી અને યોજનાબદ્ધ રીતે આ બધું કરવું પડશે. કોઈને પણ કાનોકાન ખબર ન થવી જોઈએ.'' બેડી બોલ્યો.

''હા, કોઈને પણ ખબર પડવી ન જોઈએ. નહીં તો આપણા માટે વૃક્ષ કાપવા મુશ્કેલ થઈ જશે.'' તસ્કર બોલ્યો.

''હું કાલે જ ચંપકવન જઈને ત્યાંની સ્થિતિ જોઉં છું. ત્યાં વાતાવરણ કેવું છે. તેનો અંદાજ લગાવું છું. જેમ કે બધું આપણને અનુકૂળ હશે, આપણે વૃક્ષો કાપવાનું શરૂ કરી દઈશું.'' બેડી બોલ્યો.

''હા, એ ઠીક રહેશે. જેવી સ્થિતિ અનુકૂળ થાય તું અમને કહી દેજે. હું મારા સાથીઓ સાથે કુહાડી અને



આરી લઈને આવી જઈશ.'' તસ્કરે બેડીને કહ્યું.

બીજા દિવસે બેડી ચંપકવન પહોંચી ગયો. આખું જંગલ શણગાર સજેલું હતું. વૃક્ષો પર રંગીન રિબન બંધાયેલી હતી. દરેક ડાળી પર કેટલીય લાઈટ લટકતી હતી. બધાં પ્રાણીઓએ પોતાના ઘરને પણ સજાવ્યા હતા. બેડી સમજી શકતો નહોતો કે આખરે શું વાત છે, જે જંગલને આ રીતે સજાવવામાં આવ્યું છે.

તે જ સમયે બેડીની નજર બ્લેકી રીંછ પર પડી, જે વૃક્ષ પર જંપી વાંદરાને બલૂન આપી રહ્યો હતો.

તેણે બ્લેકીને પૂછ્યું, ''બ્લેકી, શું વાત છે. આજે જંગલને ખૂબ શણગારવામાં આવી રહ્યું છે. કોઈના લગ્ન છે કે શું?''

''તને ખબર નથી. ચંપકવનને કેમ સજાવવામાં આવી રહ્યું છે?'' બ્લેકીએ બેડી સામે જોતા પૂછ્યું.

''ના, એટલે જ તો તને પૂછી રહ્યો છું.'' બેડી આંખો ફેરવતા બોલ્યો.

''પ જૂને પર્યાવરણ દિવસ આવવાનો છે. આ બધું અમે તેની તૈયારીમાં કરી રહ્યા છીએ. તે દિવસે ચંપકવનમાં મોટો ઉત્સવ ઊજવવામાં આવશે.'' બ્લેકીએ જવાબ આપ્યો.

'ઓહ, તો અહીં પર્યાવરણ દિવસની તૈયારી ચાલી રહી છે.' બેડી મનોમન બબડ્યો.

''તેં કંઈ કહ્યું.'' બ્લેકીએ પૂછ્યું.

''ના... ના...'' એટલું કહેતા બેડી ત્યાંથી જતો રહ્યો.

ચંપકવનના વીર હક્કુ ક્રોસિંગ પર કેટલાંય પ્રાણી ભેગા થયા હતા, જે અહીંનું મુખ્ય ક્રોસિંગ બધા પરસ્પર વાતો કરી રહ્યા હતા. કદાચ તે કોઈ યોજના

બનાવી રહ્યા હતા. બેડી બધાને એકસાથે જોઈને થોડો ગભરાઈ ગયો. તે ત્યાં એક કિનારે બેસીને તેમની વાતો સાંભળવા લાગ્યો.

''આ વખતે આપણે શેરુ શેરને જ મુખ્ય અતિથિ બનાવવો જોઈએ.'' ડોલા હરણ બોલ્યો.

''પરંતુ શેરુ તો આ જંગલનો છે. ભલા કોઈ પોતાના જ જંગલમાં કેવી રીતે મુખ્ય અતિથિ બની શકે છે. કોઈ બીજાને જોવા પડશે.'' ચીકુ સસલો બોલ્યો.

''હા, તું સાચું કહે છે ચીકુ. જો કોઈ સુંદરવનને મળી જાય તો સારું રહેશે. તેને આપણા જંગલનો પર્યાવરણ ઉત્સવ જોવાનો અવસર પણ મળી જશે. તેની સાથે તે પોતાના જંગલમાં જઈને આપણા જંગલની પ્રશંસા પણ કરશે.'' ગ્રેટા જિરાફ બોલ્યો.

''તો એવું કોણ હોઈ શકે છે.'' ચીકુએ પોતાનું માથું ખંજવાળતા કહ્યું.

''બેડી લોંકડ કેવો રહેશે.'' ડોલા બોલ્યો.

''બેડી તો હંમેશાં ચંપકવનનું ખરાબ કરવાનું વિચારે છે. તેને ભલા આપણે મુખ્ય અતિથિ કેમ બનાવીએ.'' ચીકુએ કહ્યું.

''કદાચ ડોલા સાચું કહી રહ્યો છે. બેડીને મુખ્ય અતિથિ બનાવી શકાય છે. તે ભલે ને ચંપકવનનું અહિત વિચારતો હોય. તેનું ખરાબ નથી કરતો. કદાચ મુખ્ય અતિથિનું નિમંત્રણ આપ્યા પછી તેમાં થોડોક સુધારો આવી જાય.'' ગ્રેટાએ કહ્યું.

ગ્રેટાની વાત પર બધાની સહમતી સધાઈ. ડોલાની નજર અચાનક બેડી પર પડી. તેણે કહ્યું, ''તે જો, બેડી તો અહીં આવેલો છે. ચાલો, બધા મળીને તેને પર્યાવરણ ઉત્સવનું આમંત્રણ આપી આવીએ.''

બધાં પ્રાણીઓ બેડી પાસે પહોંચ્યાં. તેને પર્યાવરણ ઉત્સવમાં આવવાનું નિમંત્રણ આપ્યું. બધાએ બેડીને કહ્યું તને મુખ્ય અતિથિ બનાવવામાં આવશે. બેડી થોડો ગભરાયેલો હતો. તેને સમજાતું નહોતું કે તે શું કહે.

''સારું, હું જરૂર આવીશ.'' બેડીએ કહ્યું.

તે પછી બેડી વિચારવા લાગ્યો,





''હું તો ચંપકવનને સમાપ્ત કરવાની યોજના બનાવી રહ્યો છું અને તે લોકો મને જ મુખ્ય અતિથિ બનાવવાનું વિચારી રહ્યા છે.'' તે એમ વિચારતા ત્યાંથી જતો રહ્યો.

થોડા દિવસ પછી પર્યાવરણ દિવસે બેડી ચંપકવન આવ્યો. ત્યાં તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. તેને ફૂલમાળા પહેરાવાઈ. તેને એક મોટી ખુરશી પર બેસાડવામાં આવ્યો.

''જંગલનાં બાળકો કાર્યક્રમ બતાવી રહ્યાં હતાં. તેમના કાર્યક્રમમાં એ જ સંદેશ હતો કે આપણે વૃક્ષોને કપાતા બચાવવાના છે. વધારેમાં વધારે વૃક્ષો વાવવાના છે. જળ સંચય કરવાનું છે. પ્રદૂષણ નથી ફેલાવવાનું. જો આપણા જંગલોમાં વૃક્ષ નહીં રહે તો મોટી કુદરતી આફત આવી શકે છે.''

બેડીનું મન તેનાથી ખૂબ પ્રભાવિત થયું. વિચારવા લાગ્યો કે તે કેટલું ખરાબ કામ કરવા જઈ રહ્યો હતો. વૃક્ષોને કાપવા કેટલી મોટી મૂર્ખતા છે. તેણે મનોમન નક્કી કર્યું હતું કે તે ચંપકવનના વૃક્ષોને હવે ક્યારેય નુકસાન નહીં પહોંચાડે.

તે તસ્કરોને પણ વૃક્ષો કાપવાની ના કહેશે.

પર્યાવરણ ઉત્સવનું સમાપન થવાનું હતું. બધાં પ્રાણીઓના મુખ્ય અતિથિ બેડીને પ્રસંગને અનુરૂપ બોલવાનું કહેવાયું.

બેડીએ બધાને સંબોધિત કરતા કહ્યું, ''આજે મને અહીં આવીને ખૂબ સારું લાગ્યું. હું પણ સંકલ્પ લઉં છું કે આજથી વૃક્ષોને કોઈપણ પ્રકારનું નુકસાન નહીં પહોંચાડું. હું તમને બધાને ચંપકવનમાં સો વૃક્ષ લગાવવાનું વચન આપું છું. હું મારા તરફથી ચંપકવનમાં સો વૃક્ષ વાવીશ અને તેમની દેખરેખ પણ રાખીશ.''

તે સાંભળતા જ બધાં પ્રાણી ખૂબ ખુશ થયા. તેમણે બેડીને ખભા પર બેસાડી લીધો. બેડી હવે સંપૂર્ણ રીતે બદલાઈ ગયો હતો. ●

સુંદર રંગ પૂરો



વિશ્વ પર્યાવરણ દિન

૫ જૂને વિશ્વ પર્યાવરણ દિન ઊજવવામાં આવે છે ચિત્રને ઓળખો અને યોગ્ય વિકલ્પને ✔ કરો.

A
ગ્લોબલ વોર્મિંગ
આગ
ગરમી
પૃથ્વી

B
વીંટી
પાંદડાં
કંપોસ્ટિંગ
પથ્થર

C
ઘાસ
સૂરજ
માટી
પાક

D
શિપ
પેટ્રોલ ઢોળાવું
સમુદ્ર
પેટ્રોલ

E
સોલર એનર્જી
સૂર્ય
ઝરણું
નદી

F
બ્લેડ્સ
પર્વત
પંખો
પવનચક્કી

G
ફેક્ટરી
માટી
ધુમાડો
ઘર

H
હરિયાળી
મૂળ
વન કાપવા
નદી


I
શોધવું
શિકાર કરવો
પુસ્તક
લેપટોપ

J
ચાર્જર
બોટલ
નગર
કચરો

K
દોરો
ઘર
પૂર
પાણી

જવાબ છેલ્લા પાના પર છે.

ચિત્ર પૂરું કરો



આ ચિત્રમાં કેટલાક ભાગ ખાલી રહી ગયા છે. ચિત્રને જુઓ, તેમને પૂરા કરો અને પછી તેમાં રંગ પૂરો.

મેથ ફન

પ્રશ્નો વાંચો અને ઉત્તર આપો.



દેવાંગને પોતાના ક્લાસમાં ઉપરથી ૧૬મો અને નીચેથી ૧૨મો રેન્ક મળ્યો. ક્લાસમાં કેટલા વિદ્યાર્થી છે?

A. 29, **B. 28,**
C. 27, **D. 20.**

જવાબ છેલ્લા પાના પર છે.

પ્રિયંકા બંસલ દ્વારા




જુઓ, હસતાં નહીં...

મમ્મી (પિન્ટુને) : એવી શું વાત છે જે તને વિચારવા મજબૂર કરે છે કે તારા આર્ટના ટીચરે ક્યારેય એક ઘર નથી જોયું?
પિન્ટુ : કારણ કે આજે મેં એક ઘર બનાવ્યું તો ટીચરે મને પૂછ્યું કે આ શું છે?

તનિશા ડીસૂઝા, ૧૦ વર્ષ
મુંબઈ

મોહન (સોહનને) : એક માણસ પાસે ૨ માછલીઓ હતી. તેણે પહેલીનું નામ વન રાખ્યું અને બીજીનું ટૂ. એવું કેમ?
સોહન : કારણ કે જો વન ખોવાઈ જાય તો તેની પાસે હજી પણ ટૂ હતું.

સૂજાના લાલ, ૧૦ વર્ષ
કાનપુર

આમિર (શાહિદને) : કોણ તેજ છે, હોટ કે કોલ્ડ?
શાહિદ : કોલ્ડ.
આમિર : ખોટું, હોટ તેજ હોય છે કારણ કે કોલ્ડને તું પકડી શકે છે.

અદિકિ કારવડે, ૮ વર્ષ
નાગપુર

સીટુ (બંટીને) : ક્યા પ્રકારના ટ્રીને તમે તમારા હાથમાં લઈ જઈ શકો છો?
બંટી : એક પામટ્રી

સમેય પસદ, ૯ વર્ષ
મુંબઈ

હાહાહા હાહાહા હીહીહી હીહીહી

કિટ્ટુ (બિટ્ટુને) : ગ્લોવોર્મ દુખી કેમ હતો?
બિટ્ટુ : કારણ કે તેનાં બાળકો વધારે ચમકદાર નહોતા.

સાચિ જિંદાલ, ૬ વર્ષ, ગુજરાત

મમ્મી (બેટાને) : કૂતરા કેવી રીતે ભાગી ગયા? મેં તમને કહ્યું હતું કે બધી નિકાસ બંધ કરી દેજે.
બેટા : હા, મેં બધી નિકાસ બંધ કરી દીધી હતી. પરંતુ એવું લાગે છે કે તે પ્રવેશવાળા માર્ગેથી ભાગી ગયા.

સિદ્દીકી અંશદ ફૈજ, ૧૧ વર્ષ
નવી દિલ્લી

કોમલ (કિરણને) : કઈ રાણી છે જેનો મુઘટ સૌથી મોટો છે?
કિરણ : તે રાણી જેનું માથું સૌથી મોટું છે.

અરિજય ભટ્ટાચાર્ય, ૮ વર્ષ
ગોવા

રાહુલ (રાજાને) : જો કેલેન્ડર પર વર્ષ ૨૦૨૦ને તું અડીશ તો તને જોરદાર ઝાટકો લાગશે, એવું કેમ, શું તને ખબર છે?
રાજા : ના, કેમ?
રાહુલ : કારણ કે ૨૦૨૦ કરેન્ટ યર છે.

ફલક શેખ, ૭ વર્ષ
મુંબઈ

ટીના (મીનાને) : તે માણસ ખૂબ આળસુ છે. તે ત્યાં સવારથી જ બેઠો છે.
મીના : તને કેવી રીતે ખબર?
ટીના : હું અહીં સવારથી બેઠી છું અને તેને જોઈ રહી છું.

સૈયદ સમર, ૯ વર્ષ
ભોપાલ

એક માણસ ખૂબ જલદીમાં હતો કારણ કે તેને ટ્રેન પકડવાની હતી. એક ખેતરની નજીક તેણે એક ખેડૂતને પૂછ્યું, "મને માફ કરો સર, જો હું તમારા ખેતરની વચ્ચેથી પસાર થઈને જાઉં તો ખરાબ તો નહીં લાગે. તમે જોઈ શકો છો કે મારે ૪:૨૩ ની ટ્રેન પકડવાની છે."
ખેડૂતે એક ક્ષણ માટે વિચાર્યું અને બોલ્યો, "જરૂર, તરત જતો રહે. પાક ઉપર પગ ન મૂકતો. તારે સમય પર પહોંચવાનું છે અને જો મારા સાંઢે તને જોઈ લીધો તો તું એ પહેલાંની ટ્રેન પકડી શકે છે."

પારસ જૈન, ૯ વર્ષ,
નવી દિલ્લી

તમારા ઉખાણાં, જોક્સ, ચિત્ર કે વાર્તા નામ, ઉંમર અને સરનામું તથા ફોન નં. સાથે લખો :
ચંપક, દિલ્લી પ્રેસ, એ-૪, શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧
ઈમેલ : writetochampak@delhipress.in
અને SMS: 9619587613
ઓનલાઈન મુલાકાત લો :
www.facebook.com/ChampakMagazine
https://www.youtube.com/ChampakSciQ





ડમરુ અને સેનિટાઇઝર

વાર્તા ● શિવેશ શ્રીવાસ્તવ

ફોક્સી લોંકડીની સેનિટાઇઝરની દુકાન પર ડમરુ કામ કરતો હતો.

કોરોના વાયરસના લીધે સેનિટાઇઝરની ડિમાન્ડ ખૂબ વધી છે.

પરંતુ સેનિટાઇઝરનો ઉપયોગ કેમ થાય છે?

તે આપણા હાથને સ્વચ્છ રાખે છે અને સંક્રમિત થવાના જોખમને ઘટાડે છે.

અચ્છા, તો સેનિટાઇઝર ખૂબ ઉપયોગી છે.

હા, હવે તું તારું કામ સારી રીતે કર. ૫૦ રૂપિયાનું હોય તેને ૧૦૦ રૂપિયામાં વેચ.

૫૦ રૂપિયાવાળાને ૧૦૦ રૂપિયામાં?

હા, તું આ લાભને પોતાના માટે રાખી શકે છે. હું વધારે સ્ટોક લાવવાની છું.

હું પાછી આવીશ ત્યારે જોઈશ કે તેં કેટલા સેનિટાઇઝર વેચ્યા છે.

તમે નિશ્ચિંત રહો, શેઠાણી. આ માસ્કને પહેરી લો અને ચિંતા ન કરો.

SONAL

મેં નંદુ હાથી, પિંકી બકરી અને ગોલુ વાંદરાને સેનિટાઇઝર લઈ જતા જોયા. તેં ચોક્કસ વધારે વેચ્યા હશે. મને રૂપિયા આપ.

કયા રૂપિયા શેઠાણી? મેં તો તેમને સેનિટાઇઝર મફતમાં આપી દીધા.

શું તેં બધા સેનિટાઇઝર મફતમાં વહેંચી દીધા?

ન માત્ર સેનિટાઇઝર, તેમને મેં માસ્ક પણ આપ્યા.

મને વિશ્વાસ નથી બેસતો કે મેં તારી પર આટલો વિશ્વાસ મૂક્યો હતો.


તે લોકો જે આ દેશવ્યાપી મહામારી સમયે લોકોને લૂંટે છે, તેમને એક સબક ચોક્કસ શિખવાડવો જોઈએ.

મેં વિચાર્યું કે હું ખૂબ રૂપિયા બનાવીશ, પણ હવે મારી પાસે કંઈ નથી.

તમારે રૂપિયા બનાવવાનું ના વિચારવું જોઈએ, ત્યારે કદાચ બની શકે કે તમે કંઈક કમાઈ લેશો.

ટપકાં જોડો

અંકો પ્રમાણે ટપકાં જોડો અને ચિત્ર પૂરું કરો.



બીચ પર એક દિવસ

આ શબ્દ યાદીમાં વચ્ચેની વસ્તુને શોધો. શબ્દ પાછળ અને એક ખૂણાથી બીજા ખૂણા સુધી અને સીધી રેખામાં મૂકેલા છે. તેને શોધો.






ટુ	વા	લ	ચૌ	ગી	ગૌ	હ	લે	સા	રે	પ	પ	ડા
ટ	કે	બ	વિ	ત	પ	ઘૌ	મૌ	ગૌ	ત	પ	બ	અ
ચૌ	ચી	મ	ગ	ફ	ળી	ઈ	કં	નૂ	મ	કે	બૌ	ઘૂ
ન	ચી	ટ	સૂ	મ	વ	સ્િ	કં	પ	હે	ઈ	લે	પ
ર્ડ	ચી	ટ	ગે	ચી	નૂ	ફ	પ	ફૂ	લ	ટ	ફૌ	છા
ગા	પૂ	આ	અ	સ	નો	પ	કિ	નૌ	શ	કં	ના	યા
ફ	પા	મ	લ	મુ	પ	જ	ડ	ફિ	રી	ક	ર્ડ	જં
ઈ	ઈ	ધ	દ	દ્ર	લી	ચૌ	લી	કે	બો	ખા	બો	જ
લા	પુ	બ	પ	મં	માં	જે	પિ	ફો	ગ	દ	ર્ફ	ખા
ક	નિ	ક	પિ	મં	ફિ	લ	પ	ફ	લો	પ	સ	રી
અ	દ	લ	વ	જ	ણ	નિ	ર	ર્ટ	પિ	ટા	કં	કં
પ	મં	જ	ણ	નિ	કં	ર્ટ	પિ	હ	કં	ઝ	ર્રાં	પ
ડ	મં	સ	ન	ગ	લા	સ	પિ	કં	લ	ઝ	પ	ખ

જવાબ : છેલ્લા પાના પર છે.

પ્રિયંકા બંસલ દ્વારા





વજન કાઢો

વાર્તા • ઓમપ્રકાશ ક્ષત્રિય 'પ્રકાશ'

પિકનિક પર આવેલા વિદ્યાર્થીઓને સંબોધિત કરતા ગુરુજીએ કહ્યું, ''શું તમે લોકો આ ગધેડાનું વજન જણાવી શકો છો?'' તેમણે ત્યાં ચરી રહેલા એક ગધેડા તરફ ઈશારો કરતા કહ્યું, ''હું એ જોવા ઈચ્છુ છું કે કોણ તેનું સાચું વજન જણાવી શકે છે.''

તમામ વિદ્યાર્થીઓ એકબીજાનું મોં જોવા લાગ્યા. તેમને એ ન સમજાયું કે ત્રાજવા વિના વજન કેવી રીતે કરી શકાય.

''તમારી પાસે ૫ મિનિટનો સમય વિચારવા માટે છે.'' તેમણે આમતેમ નજર દોડાવતા કહ્યું.

અત્યારે તેઓ એક નદી કિનારે ઊભા હતા. નજીકમાં કાળી માટીનું ખેતર હતું. જેના કિનારે ઘાસ ઊગી નીકળ્યું હતું. તેની પાસે એક પથ્થરનો ટેકરો હતો. કુલ મળીને મોસમ અને જગ્યા બંને મજેદાર હતા. જ્યાં તેમણે પોતાનો કેમ્પ લગાવી રાખ્યો હતો.

''કેમ નહીં સર.'' ત્યારે રીનાએ કહ્યું, તેના હાથમાં એક લોખંડની સ્કેલ હતી. તે એ બાજુ જોઈને બોલી, ''હું ગધેડાનું અનુમાનિત અને યોગ્ય વજન જણાવી શકું છું.'' કહેવાની સાથે જ તે ગધેડા પાસે ગઈ. તેના નખ કાદવથી લથબથ હતા. તે તેને જોવા ઈચ્છતી હતી.

ત્યારે ગુરુજીએ કહ્યું, ''તું ગધેડાની પાછળ ન જઈશ. તે બચાવમાં પગથી મારે છે જેને લાત મારવી કહેવાય છે.''

આ સાંભળીને બધા વિદ્યાર્થીઓ હસી પડ્યા, તેમને આજે આ લાત મારવાનો ખરો અર્થ સમજાયો હતો.

''અને જો તેની લાત વાગી ગઈ તો મોંના બધા દાંત બહાર આવી જશે.'' એક મસ્તીખોર વિદ્યાર્થીએ કહ્યું તો બીજો વિદ્યાર્થી બોલ્યો, ''તો રમેશને ગધેડાની પાછળ પહોંચાડી દો. તેનો લાત ખાવાનો શોખ પૂરો થઈ જશે.'' એટલું કહેતા બીજો વિદ્યાર્થી હાહા કરીને જોરજોરથી હસવા લાગ્યો.

ત્યારે રીનાએ ગધેડાની સામે સ્કેલ બતાવી. ગધેડો ડરીને થોડો પાછળ ખસી ગયો.

ગધેડો માટી પર ઊભો હતો તેથી તેના નખ માટીમાં દબાઈ ગયા હતા. જેનાથી ગધેડાના પગના નિશાન માટીમાં બની ગયા હતા, રીનાએ ગધેડાના પગના નિશાનની ઊંડાઈ માપી. ત્યારે બંને નિશાનના ઊંડાણની સરખામણી કરી. ત્યારે તેણે જણાવ્યું, ''આ ગધેડાના પગના નિશાનની ઊંડાઈ મારા પગના નિશાનની ઊંડાઈથી પાંચ ગણી વધારે છે તેથી ગધેડાનું વજન મારાથી પાંચ ગણું વધારે છે.''

''એટલે કે તેનું વજન મારા વજનના ૩૮ કિલોગ્રામના પાંચ ગણું એટલે કે ૧૯૦ કિલોગ્રામ છે.''

રીનાએ એટલું કહેતા જ બધા વિદ્યાર્થીઓ તાળી પાડવા લાગ્યા. તેનું અનુમાન હકીકતમાં વિદ્યાર્થીઓની નજરમાં સાચું હતું.

''શાબાશ રીના, તેં બરાબર અનુમાન લગાવ્યું છે.'' એટલું કહેતા જ ગુરુજીએ કહ્યું, ''હવે કોણ જણાવશે આ ગધેડાનું સાચું વજન. ગુરુજીએ મસ્તીખોર વિદ્યાર્થીની સામે જોતા આંખથી ઈશારો કર્યો.

રમેશ તે જ લાગમાં હતો. તે તરત બોલ્યો, ''સર, હું કહીશ સાચું વજન.'' એટલું કહીને તેણે પોતાના મિત્રો તરફ જોયું એક આંખ બંધ કરીને. તે તેની મસ્તી સમજી ગયા હતા. તે બોલ્યા, ''હા સર, અમે તેનું સાચું વજન જણાવી શકીએ છીએ.''

''તો આવી જાઓ મેદાનમાં.'' ગુરુજીએ તેને મેદાન તરફ ઈશારો કરીને કહ્યું.

રમેશ પોતાના ૪ મિત્રો સાથે ગધેડા પાસે આવ્યો. પછી પોતાના મિત્રો તરફ ઈશારો કરતા બોલ્યો, ''એકએક કરીને આ ગધેડા પર બેસી જાઓ. હું તેનું દોરડું પકડું છું.'' કહેતા રમેશે દોરડું પકડી લીધું.





ત્યારે રમેશે તે વિદ્યાર્થીને પાછો ઉતારી દીધો.

''હવે તમે બધા પણ ઊતરી જાઓ.'' રમેશે એ કહેતા વારાફરતી વિદ્યાર્થીઓ તરફ જોયું. પછી તેમના આંકડા જોડવા લાગ્યા.

''સર આ ગધેડાનું વજન ૧૬૨ કિલોગ્રામ છે.'' રમેશે કહ્યું તો ગુરુજીએ પૂછ્યું, ''તેં આનું વજન કેવી રીતે કાઢ્યું?''

તેની પર રમેશ બોલ્યો, ''સર, તેની પર ૩ વિદ્યાર્થી બેઠા હતા. ચોથા વિદ્યાર્થીના બેસતા જ ગધેડો ચીસો પાડવા લાગ્યો હતો. તેનો અર્થ એ હતો કે તે ગધેડો હવે વધારે વજન સહન નથી કરી શકતો. તેથી તેનું વજન આ ૩ વિદ્યાર્થીઓના વજન બરાબર છે.''

પહેલા એક વિદ્યાર્થી બેઠો પછી બીજો બેસી ગયો, પરંતુ જ્યારે ત્રીજો વિદ્યાર્થી ગધેડા પર બેસવા લાગ્યો તો ગધેડો જોરજોરથી હોંચી હોંચી કરીને ચીસાચીસ કરવા લાગ્યો. તે જોઈને વિદ્યાર્થી ડરી ગયા, પરંતુ રમેશ બોલ્યો, ''સર, આ ગધેડો કહી રહ્યો છે કે હવે બસ કરો વધારે વિદ્યાર્થી બેઠા તો હું મરી જઈશ.''

''અચ્છા.'' ગુરુજીએ કહ્યું, ''તો તને તેની ભાષા સમજાય છે?''

તે સાંભળીને બધા વિદ્યાર્થી હસી પડ્યા.

રમેશ પોતાની વાતનો અર્થ સમજીને ગભરાઈ ગયો. પછી એક વજનમાં હલકા વિદ્યાર્થી તરફ ઈશારો કરીને તેણે કહ્યું, ''હવે તું આવ.''

તે વિદ્યાર્થી પાસે આવતા જ ગધેડાએ ફરી હોંચી હોંચી કર્યું. રમેશે તે વિદ્યાર્થીને ઉઠાવીને ગધેડા પર બેસાડી દીધો. ગધેડો વજન વધતા જોરજોરથી ચીસો પાડવા લાગ્યો.

''અને ૩ વિદ્યાર્થીઓનું વજન તને કેવી રીતે ખબર?'' ગુરુજીએ પૂછ્યું તો રમેશ બોલ્યો, ''સર, પિકનિક પર આવતી વખતે તમે બધાની લંબાઈ અને વજન કર્યું હતું એટલે મેં મારા મિત્રોનું વજન યાદ રાખી લીધું હતું.''

''ઓહ, તારી યાદશક્તિ તો સારી છે.'' ગુરુજી રમેશને શાબાશી આપતા બોલ્યા. ''પણ, તારું અનુમાન ખોટું પણ હોઈ શકે છે. ક્યારેક ક્યારેક ૪૦ કિલોગ્રામનો માણસ ૮૦ કિલોગ્રામ વજન પણ ઉઠાવી લે છે. તેં કુલીને જોયો હશે. તે પ્રેક્ટિસ કરી કરીને આ પ્રકારની મહારથ મેળવી લે છે.''

''હા સર, તમે સાચું કહો છો.'' રમેશે કહ્યું તો ગુરુજીએ બીજા વિદ્યાર્થીઓને કહ્યું, ''હવે આનું સાચું વજન કોણ જણાવશે?''

વિકાસ ક્યારથી ચુપચાપ બેઠો હતો, તે કંઈક

વિચારીને બોલ્યો, ''સર, હું તો જણાવી શકું છું.''

''તો આવી જા, તારું પણ સ્વાગત છે.'' ગુરુજીએ કહેતા જ વિકાસ ગધેડા પાસે જતો રહ્યો.

ત્યાં પહોંચીને તેણે ગધેડાના માલિકને બૂમ પાડી. તેને કંઈક સમજાવ્યો અને પછી તેની મદદથી ગધેડાને હોડી પર ચઢાવી દીધો.

ગધેડો હોડી પર ચઢતા જ હોડી થોડીક પાણીમાં ડૂબી ગઈ. તેને જોઈને વિકાસે હોડી જ્યાં સુધી પાણીમાં ડૂબી હતી ત્યાં નિશાન લગાવી દીધા, ''ગધેડાને હોડી પર ચઢાવવાથી હોડી પાણીમાં ત્યાં સુધી ડૂબેલી છે.'' તે જોરથી બોલ્યો અને તેણે માલિકની મદદથી ગધેડાને પાછો હોડીમાં ઉતારી દીધો.

''હવે તમે એક કામ કરો.'' વિકાસે ૨ વિદ્યાર્થીઓ તરફ ઈશારો કરીને કહ્યું, ''તમે બે વિદ્યાર્થી આ હોડી પર ચઢી જાઓ.''

વિદ્યાર્થી ખૂબ ખુશ થયા. તેમને હોડીમાં બેસવા મળી રહ્યું હતું. તેથી જ્યારે બંને વિદ્યાર્થી હોડી પર ચઢી ગયા તો હોડી પર લાગેલા નિશાન જોયા તે નિશાન પાણીથી થોડા ઉપર હતા. તેને જોઈને વિકાસે સૌથી ઓછા વજનવાળા વિદ્યાર્થી તરફ ઈશારો કર્યો. ''તું અહીં આવી જા.''

તે ઈશારો સમજીને હોડી પર ચઢી ગયો. ત્યારે વિકાસે તે નિશાનને જોયા. તે હજી પાણીથી દૂર હતો. તેણે રીનાને બૂમ પાડીને કહ્યું, ''રીના, ઘી અને તેલના એક એક કિલોગ્રામવાળા પેકેટ લઈને આવજે.''

રીના દોડીને કેમ્પમાં ગઈ અને પેકેટ લઈને આવી. તેણે તે પેકેટ વિકાસને આપી દીધા. વિકાસે એક એક કિલો ઘી, તેલ અને અન્ય સામાનવાળા પેકેટને હોડી પર મૂક્યા જેવા હોડીના નિશાન પાણીને સ્પર્શ્યા તો તે બોલ્યો, ''સર, ગધેડાનું વજન આ બધાના વજનનું ડબલ જેટલું છે.''


ગુરુજીએ બધાને તેમનું વજન પૂછ્યું, આખરે હોડીમાં મૂકેલા પેકેટનું વજન લખીને બધાનો સરવાળો કરી દીધો.

''ઓહ, ગધેડાનું સાચું વજન ૧૮૨ કિલોગ્રામ છે.'' કહેતા ગુરુજીએ વિકાસને શાબાશી આપી.'' શાબાશ વિકાસ, તેં ગધેડાનું યોગ્ય અને સાચું વજન જણાવ્યું છે.

તે સાંભળીને બધાએ તાળીઓ પાડી.

તે જોઈને દૂર ઊભો ગધેડાનો સ્વામી પોતાના ગધેડાનું વજન જાણીને ખુશ થઈ ગયો. ●


MANIMALA JEEVA



ઉખાણાં

૧. ઠંડું કે ગરમ મારામાં રેડો
કોઈપણ વસ્તુ મારામાં ભરો
પ્રોમિસ મારું પકડી રાખીશ
ચૂસકી લઈને પી શકશો.

૨. મારાં પૈડાં છે મોટાં મોટાં
માખીઓ બણબણે મારી ઉપર
નાક તો તમે બંધ કરી લો છો
પણ આંખો બંધ નથી કરતા.

૩. સફેદ અને ચમકદાર છું
બાળકો બનાવે મારામાંથી એન્જલ
પહાડો પર જ્યારે છવાઈ જાઉં છું.
ખીણોને મનમોહક બનાવું છું.

૪. મારા અંગૂઠા અને આંગળીઓ
પણ હું જીવિત નથી,
મારા છે અનેક પ્રકાર
બધાના હાથ રાખું સલામત.

શું તમે જાણો છો?

૧. પેંગ્વિંસ શું ખાય છે?
(ક) શાકભાજી
(ખ) ફળ
(ગ) રોટલી
(ઘ) માછલી

૨. કીડીના એક સમૂહને અંકિત કરવા માટે નીચેનામાંથી કયા શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે?
(ક) કોલોની
(ખ) હિલ
(ગ) ક્રશ
(ઘ) એપાર્ટમેન્ટ

૩. એક વર્ષમાં કેટલાં અઠવાડિયાં હોય છે?
(ક) ૩૩
(ખ) ૪૫
(ગ) ૫૨
(ઘ) ૭

૪. કઈ અવસ્થા એન્ટિ ક્લોકવાઈઝ એટલે કે ઘડિયાળની વિપરીત દિશામાં ચાલવું કહેવાય છે? ડાબે કે જમણે?
(ક) જમણી
(ખ) ડાબી
(ગ) પૂર્વ
(ઘ) વર્તુળ

ઉત્તર (ઉખાણાં) : ૧.-કપ, ૨-ફૂડ ટ્રક, ૩-બરફ, ૪-મોજાં.
ઉત્તર (શું તમે જાણો છો?) : ૧-ઘ, ૨-ક, ૩-ગ, ૪-ખ.

રસપ્રદ વિજ્ઞાન

ધુમાડાથી મીણબત્તીને ફરીથી પ્રગટાવો

એક મીણબત્તીના ધુમાડામાં શું છે, આવો, તેની શોધ કરીએ.

તમારે જોઈએ :

- એક મીણબત્તી
- એક મેચ બોક્સ (વડીલની દેખરેખમાં ઉપયોગમાં લો.)



આ રીતે કરો :



૧. ચિત્ર પ્રમાણે એક સ્થિર સપાટી પર એક મીણબત્તીને ચોંટાડો અને પ્રગટાવો.

૨. મીણબત્તીને ૨ મિનિટ પછી ફૂંકીને બુઝાવી દો. પછી તરત માચીસની એક સળી પ્રગટાવો અને તેને મીણબત્તીની જ્યોતમાંથી નીકળતા ધુમાડા પાસે લઈ જાઓ.



જુઓ :

જ્યારે તમે ફૂંક મારીને મીણબત્તીને બુઝાવો છો ત્યારે મીણબત્તીની જ્યોત ધુમાડો કાઢીને ઉપર ઉઠે છે. ધુમાડા પાસે સળગતી માચીસની સળીને લઈ જતા મીણબત્તી પ્રગટે છે.



વિચારો :

જ્યોત મેચબોક્સને માચીસની સળીના સ્પર્શ્યા વિના મીણબત્તી ફરીથી કેવી રીતે સળગી ઊઠે છે?

જ્યોત સળગતી રહેવા માટે ગરમી અને ઓક્સિજનની જરૂર હોય છે. તેથી જ્યારે એક મીણબત્તીને એક ખુલ્લી જગ્યાએ પ્રગટાવવામાં આવે છે ત્યારે તે આરામથી સળગતી રહે છે. જ્યોતમાંથી નીકળતી ગરમી મીણબત્તીને લિક્વિડ રૂપમાં ઓગાળી દે છે તે પછી તે બાષ્પમાં ફેરવાઈ જાય છે જે એક ગરમ ગેસ છે. બાષ્પ હવામાં હાજર ઓક્સિજનમાં મળતો રહે છે. એવું ત્યાં સુધી ચાલુ રહે છે જ્યાં સુધી કે મીણબત્તીનું મીણ ખતમ ન થઈ જાય. આ પ્રયોગમાં જ્યારે મીણબત્તીને ફૂંકીને બુઝાવીએ છીએ ત્યારે ધુમાડાનો એક સ્તંભ ઉપર જવા લાગે છે. આ ધુમાડામાં ગરમ મીણની બાષ્પ થાય છે જે ઓક્સિજનમાં ભળે છે. તેથી જ્યારે તમે આ ધુમાડાની નજીક માચીસની સળગતી સળી લઈ જાઓ છો ત્યારે મીણવાળી બાષ્પ આગ પકડી લે છે મીણની જ્યોત ફરી સળગવા લાગે છે.

શોધો :

એક અગ્નિશામક કેવી રીતે કામ કરે છે?

આ પ્રયોગમાં જેવું જાણવા મળ્યું છે કે આગ સળગતી રહેવા માટે ઓક્સિજન અને ગરમીની જરૂર પડે છે. અગ્નિશામકમાં કાર્બન ડાયોક્સાઈડ ગેસ અને અન્ય કેમિકલ્સ હોય છે જે સફળતાપૂર્વક ઓક્સિજન અને ગરમીને અલગ કરે છે. તે આગની ઉપર પાઉડરની એક સપાટી બનાવે છે જે તેની આસપાસના ઓક્સિજનના પુરવઠાને કાપે છે. ઓક્સિજન વિના આગ પ્રગટવાનું બંધ કરી દે છે.



બાળકોએ લોકડાઉન એન્જોય કર્યું

"લોકડાઉન દરમિયાન અમે ઘરની અંદર રહ્યા. રજાઓનો અર્થ થાય છે, મજા કરવી, પણ આ વખતે અમારા મમ્મી-પપ્પાએ અમને કહ્યું કે અમે બહાર ન જઈ શકીએ. તેથી અમે ઘરમાં જ ખૂબ રમ્યા. મેં ઓનલાઈન સ્કૂલ ક્લાસિસ જોઈન કર્યા અને ખૂબ હોમવર્ક પણ કર્યું. જોકે ક્લાસિસ એટલા રસપ્રદ નથી રહ્યા જેટલી કે અમારી સ્કૂલ હોય છે. મેં મારી સ્કૂલ અને મિત્રોને ખૂબ મિસ કર્યા છે."

પ્રિયાંશ રાઠોડ, ૭ વર્ષ, પૂણે

"લોકડાઉન દરમિયાન મેં મારો સમય ગેમ્સ જેમ કે સાપસીડી, લૂડો, કેરમબોર્ડ વગેરે રમીને વિતાવ્યો. મેં મારા મમ્મીપપ્પાને ઘરના કામમાં મદદ કરી. મેં પુસ્તકો વાંચ્યા અને ટીવી પણ જોયું. મેં મારું હોમવર્ક પૂરું કરી લીધું અને મમ્મીએ જે સ્વાદિષ્ટ ભોજન અમારા માટે બનાવ્યું. તેને ખાઈને ખૂબ એન્જોય કર્યું."

આર્યા મંડલોઈ, ૧૦ વર્ષ ભોપાલ

"જ્યારે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે હું, મમ્મી અને પપ્પા ચિંતામાં પડી ગયા હતા. અમે ૨૧ દિવસ ઘરમાં બંધ રહીને કેવી રીતે જીવી શકતા હતા. મારી મમ્મી ઘરેથી કામ કરવા લાગી હતી અને ઘરની સફાઈ કરવામાં પપ્પાની મેં મદદ કરી. મેં આગામી વર્ષનો સ્કૂલનો અભ્યાસ પણ શરૂ કરી દીધો. પપ્પા અને હું ઈન્ડોર ગેમ્સ રમતા. હું મારા દાદાજી સાથે સમાચાર પણ જોતો અને તેમની સાથે લૂડો રમતો."

સક્ષમ પાઠક, ૧૦ વર્ષ, મથુરા

"મને ફૂટબોલ રમવાનું ખૂબ ગમે છે. જો કે હું બહાર નહોતો જઈ શકતો, એટલે મેં ઘરમાં જ રમવાની જગ્યા બનાવી જ્યાં અલગ અલગ ઈન્ડોરગેમ્સ રમવી, જેમ કે શતરંજ, કેરમબોર્ડ અને લૂડો રમી શકાય. મારાં મમ્મીપપ્પાએ પણ મારો સાથ આપ્યો. મેં લોકડાઉન પહેલા એક ડાન્સ ક્લાસ જોઈન કર્યા હતા. જોકે હું ક્લાસમાં જઈ નહોતો શકતો, તેથી મેં ઘરે જાતે ડાન્સ સ્ટેપ બનાવ્યા. મારી મમ્મીએ મને નૂડલ્સ બનાવતા શીખવ્યા જે ખૂબ ટેસ્ટી અને મજેદાર હતા. મેં મારા પપ્પાને ઘરના કામમાં પણ મદદ કરી. અમે એક મૂવી એકસાથે જોઈ."

સ્પંદન જાધવ, ૧૩ વર્ષ, મુંબઈ

"લોકડાઉન દરમિયાન મેં ખૂબ મજા કરી. મેં જમવાનું બનાવવામાં મમ્મીની મદદ કરી અને તેમણે બનાવેલું ભોજન કરવાનો સ્વાદ પણ માણ્યો. હું સવારે ટીવી જોતી હતી. પેટ ભરીને ખાતી અને બપોરે ઊંઘતી. સાંજના સમયે રમતી અને રાત્રે ફરીથી સ્વાદિષ્ટ ભોજન કરતી. મને મારા મિત્રોની કમી ખૂબ લાગતી કારણ કે તે મારી સાથે રમતા હતા, મારી સાથે રહેતા હતા અને મારી સાથે લંચ કરતા હતા પણ હવે મારી આસપાસ મિત્ર નથી. તેમના વિના હું કંટાળી ગઈ છું. મને આશા છે કે અમે જલદીથી મળીશું."

રિયાન દત્તા, ૯ વર્ષ, રાંચી

“લોકડાઉન દરમિયાન પરિવાર સાથે ગેમ્સ રમતા. અમે પરસ્પરમાં ખૂબ ઝઘડતા હતા. હું જ્યારે પણ નિરાશ થતો, તો હું દાદી સાથે સમય વિતાવવો જે મને અનેક વાર્તાઓ સંભળાવતી હતી. મને મારા પૂરા ક્લાસરૂમની કમી ખૂબ લાગતી, ખાસ તો મારા સૌથી સારા મિત્ર ,સ્પંદન, રજત. રાહુલ, પ્રશાંત અને યોજના. જ્યારે લોકડાઉનની જાહેરાત થઈ ત્યારે મને ખૂબ ખરાબ લાગ્યું હતું કે અમારી પરીક્ષા રદ થઈ ગઈ હતી અને અમે સ્કૂલે નહોતા જઈ શકતા. હું મારા મિત્રો સાથે રોજ કોરોના વાયરસ પર વાતો કરતો હતો અને અમારી ચારેબાજુ શું બની રહ્યું છે, આ બાબતે એકબીજાને જણાવતો હતો.’’

કરણ નાગેશ, ૧૨ વર્ષ મુંબઈ









“લોકડાઉન દરમિયાન મેં મારો સમય પરિવારના લોકો સાથે વિતાવ્યો. હું મમ્મી પાસેથી જમવાનું બનાવતા શીખ્યો. મેં ડ્રોઈંગ કર્યું અને પુસ્તકો વાંચ્યાં. હું હજી પણ મારા ડ્રોઈંગ્સને સુધારવાનો પ્રયાસ કરી રહ્યો છે કારણ કે મારા દ્વારા માણસના ચિત્ર બરાબર નથી બની રહ્યા. રોનાલ્ડ ડાહલ દ્વારા લિખિત અને ક્વેંટિંગ બ્લેક દ્વારા ચિત્રિત પુસ્તક મેટિલ્ડાને મેં વાંચી. હું સામાન્ય રીતે રોનાલ્ડ ડાલરના પુસ્તકો વાંચતો હોઉં છું કારણ કે તે મારા મનપસંદ લેખક છે. સાંજના સમયે અમે યોગાની પ્રેક્ટિસ એકસાથે કરતા. દાદીમા સાથે કેરમ પણ રમતાં કારણ કે તે કેરમ ગેમના મહાન ખેલાડી છે. જોકે હું મારા મિત્રો ને નહોતો મળી શકતો. કારણ કે લોકડાઉન છે એટલે અમે વીડિયો કોલ કરતા અને ઓનલાઈન ગેમ્સ રમતા.’’

સૂફી મનીષા સંતોષ, ૧૧ વર્ષ, નવી મુંબઈ

“હું લોકડાઉન દરમિયાન બિલકુલ નિરાશ ન થઈ કારણ કે દરરોજ હું મારી બહેન સાથે રમવા માટે નવી ગેમ્સની શોધ કરતી હતી. અમે એકસાથે ખૂબ મજા કરી. અમે ઈનડોર ક્રિકેટ ઊનના બનાવેલા બોલ સાથે રમતા જેને ઘરે જ બનાવ્યો હતો. બધા માટે વેજિટેબલ પ્રિન્ટ કાર્ડ્સ બનાવ્યા. મેં મારી બહેનની જુદીજુદી હેરસ્ટાઈલ બનાવવાનો પ્રયાસ કર્યો.’’

રૂપાલી માંચેકર, ૧૨ વર્ષ, પટણા



















“જોકે લોકડાઉન શરૂ થઈ ગયું હતું, સ્કૂલની તમામ વસ્તુઓ યાદ આવતી હતી. મેં સમયાંતરે રજાઓનો આનંદ માણ્યો છે પણ આ રજાઓ ખૂબ લાંબી થઈ ગઈ. સ્કૂલે જવાથી અમે કમ સે કમ ૬ થી ૭ કલાક સુધી કંઈક કરતા રહેતા. દિવસમાં કોઈ બીજાની મદદ કરતા સ્કૂલે અમે બધાના મિત્ર બનાવવાની એક સુંદર તક મળે છે, જેમ કે અમે જ્યાર કોઈ પ્રોજેક્ટ પર એકસાથે કામ કરતા, લંચ કરતા કે ફ્રી સમયમાં અમે એકસાથે બેસતા હતા. એવું કરવું ખૂબ રસપ્રદ રહેતું અને અમે ખૂબ મજા કરતા હતા અને કેટલીય વાત શીખતા હતા. મને મારા ટીચર્સની કમી ખૂબ ખટકતી અને અમને એ પણ ખટકે છે કે કેવી રીતે અમે સ્કૂલમાં કેટલી અજાયબ વાતો શીખતા હતા.’’

શુભ વાર્ષ્ણેય, ૧૨ વર્ષ, યૂએસએ

“મારા ભાઈ, બહેન અને મેં ઘરે ઘણો સમય રમવામાં વિતાવ્યો અમે સાયન્સની કેટલીક કિટ્સ ગિફ્ટ્સ રૂપે મળી હતી અને તેની સાથે ક્યારેય રમવા નહોતું મળ્યું એટલે કે રમતમાં સમય વિતાવવાનો નહોતો. પરંતુ લોકડાઉન સમયે અમને ખૂબ સમય મળી ગયો હતો. અમે બધાએ કીચડ બનાવ્યો અને લાવા (જ્વાળામુખીમાંથી નીકળતી રાખ) માંથી એક લેમ્પ બનાવ્યો. તેને બનાવવો ખૂબ મજેદાર હતો.

જાયડેન લોપેજ, ૭ વર્ષ, દુબઈ


ચીકૂ

ચિત્રવાર્તા ● દાસ





પહેરેદાર ગિંગો સાંજે સ્કૂલની રખેવાળી કરી રહ્યો હતો.
ખૂબ થાકી ગયો છું. અહીં બેસીને થોડો આરામ કરી લઉં.



વયસ્ક શિક્ષા કેન્દ્ર



ગિંગો વયસ્કોના શિક્ષા કેન્દ્ર સામે બેસી ગયો. તેણે અંદર લોકોને વાતો કરતા સાંભળ્યા.
આ લોકો કોના વિશે વાતો કરી રહ્યા છે.



આ ઉઠાવો... હવે નીચે લાવો. બરાબર, હવે વચ્ચેથી કાપી લો.



આ અંદર શું કરે છે?



આ ખેંચો અને નીચે લાવો. સારું, હવે તેનું માથું કાપો.



શું, તે કોઈ ગડબડ કરી રહ્યા છે. મારે પોલીસને ખબર કરવી જ જોઈએ.



ગિંગો પોલીસ સ્ટેશન તરફ દોડ્યો. ઈન્સ્પેક્ટર ટેબલ પર ઊંઘતો હતો.
સર, મારી સાથે આવો. ત્યાં કંઈક ખરાબ થવાનું છે.



ઈન્સ્પેક્ટર સાંભળીને ગભરાયો અને ટેબલ પરથી પડી ગયો.
ઓહ, મારી કમર તૂટી ગઈ. તું હંમેશાં ખરાબ સમાચાર લાવે છે.




તે ઝડપથી ભાગ્યા જેટલું ભાગી શકતા હતા અને શિક્ષણ કેન્દ્ર પર પહોંચ્યા.
ઊભા રહો, તમે કાયદો હાથમાં ન લઈ શકો.


અમે શું કર્યું છે જે અમે અહીંથી કેમ ભાગીશું? અમે તો અહીં વયસ્કોને ભણાવી રહ્યા છીએ. બસ, બીજી કોઈ વાત નથી.


ડેડ બોડીને શોધો. તેને અહીં જ ક્યાંક છુપાવાઈ હશે.


તમે અહીં એક ડેડબોડીને કેમ શોધવા ઈચ્છો છો?


મને ખબર મળી છે કે અહીં કોઈની પર હુમલો થયો.


હા મેં એ વાત મારા કાનથી સાંભળી છે. કોઈના માથાને કાપવામાં આવ્યું છે.


અચ્છા, તો એમ વાત છે. આ જો, આ પુસ્તકોને જુઓ, આપણે તેમને આલ્ફાબેટ શિખવાડ્યા હતા. ઉપર લઈ જાઓ, પછી નીચે કરો અને વચ્ચેથી કાપો. તેનાથી એ બનશે.
A


અને હું કહેતો હતો, આ નીચે લાવો અને માથું કાપો. તેનાથી ટી બનશે.


શું આલ્ફાબેટ્સ શિખવાડવાની આ જ રીત છે?


તારી ખોટી સૂચનાના લીધે જ મને કમરમાં ઈજા થઈ અને હું જખમી થઈ ગયો.


મને માફ કરી દો ઈન્સ્પેક્ટર સાહેબ મેં તો તમને માત્ર એ જ કહ્યું જે મેં સાંભળ્યું હતું. મારે કોઈ તારણ કાઢતા પહેલાં તેને બરાબર જોઈ લેવું જોઈતું હતું.



નોટી બચી ગયો

વાર્તા • ડો. મમત મેહતા

નોટી, જલદી કર, ''તારે સ્કૂલે નથી જવું કે શું?''
શોકેસ પર ચઢેલા નોટી ઉંદરે સાંભળ્યું અને ઉપર ચઢી ગયો. તેની મમ્મી જૂહી ઉંદરડીએ ફરી તેને બૂમ પાડી, ''નોટી, તું ક્યાં છે? સ્કૂલે જવાનું મોડું થાય છે. તેં યુનિફોર્મ પહેર્યો કે નહીં?'' નોટી સાંભળ્યું ન સાંભળ્યું કરતો મસ્તીમાં ખોવાયો હતો.

મમ્મી ગુસ્સે થઈ, ''મારા નાકમાં દમ લાવી દીધો છે.'' આ સાંભળતા જ નોટી ઉંદરે શોકેસ પરથી કૂદકો માર્યો અને કાચના એક કિંમતી શોપીસ સાથે નીચે આવી પડ્યો. શોપીસ તૂટી ગયો. કિંમતી શોપીસના ટુકડા જોઈને મમ્મીનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો.

તેમણે નોટીને પકડ્યો અને એક લાફો મારી દીધો. નોટી ધ્રુસકેધ્રુસકે રડવા લાગ્યો. 'પહેલાં જ સ્કૂલ માટે મોડું થતું હતું અને ઉપરથી આ મુસીબત.' મમ્મી વિચારવા લાગી.

મમ્મી રડતા નોટીને ખેંચીને અંદર બાથરૂમમાં લઈ ગઈ અને તેને સ્કૂલ માટે તૈયાર કર્યો.

''હજાર વાર કહ્યું છે તને કે મસ્તી ઓછી કર, પણ તને સમજાતું જ નથી. કોઈ દિવસ આ મસ્તી કરવી તને ભારે પડશે. આજે જ કંઈ થઈ જતું તો? કાચના ટુકડા વાગી જતા, શોકેસ પરથી નીચે કૂદતા હાડકાં તૂટી જાત. તું તારી સાથે અમને પણ મુસીબતમાં મૂકીશ. સુધરી જા, તારા ભાઈની જેમ અભ્યાસમાં મન લગાવ. કોઈ સારું કામ કર.''

મમ્મી બબડાટ કરી રહી હતી, પણ નોટી તેમની વાત સાંભળતો જ નહોતો. તે વિચારી રહ્યો હતો, ''મમ્મી હંમેશાં તેની પાછળ કેમ પડી રહે છે.'' ભાઈ રિંપીના

ગુણ ગાતી રહે છે. ભાઈ, આ ભાઈ તે... તે પુસ્તકિયો કીડો પણ મમ્મીને ઈમ્પ્રેસ કરવા આખો દિવસ પુસ્તકમાં ડૂબેલો રહે છે.'' ગુસ્સામાં મોં ફુલાવીને મમ્મી સામે જોતા તે તૈયાર થઈ રહ્યો હતો.

હકીકતમાં, નોટી તેના નામ પ્રમાણે ખૂબ નોટી હતો. તેની મસ્તીથી ઘરવાળા જ નહીં, કોલોનીવાળા પણ ખૂબ પરેશાન હતા. નોટી ઘરમાં રહેતો તો ક્યારેક સોફા પર ચઢીને કૂદાકૂદ કરતો, તો ક્યારેક બેડ પર, તે ક્યારેક પુસ્તકોના રેક પર ચઢી જતો, ક્યારેક શોકેસ પર. જો તે કૂદાકૂદ કરીને થાકતો તો મોબાઈલમાં ગેમ રમવા લાગતો અથવા ભાઈનું ટેબ લઈને તેમાં કંઈક કરતો રહેતો. જ્યારે તે તેનાથી પણ કંટાળતો ત્યારે ટીવીમાં મનપસંદ કાર્ટૂન ટોમ એન્ડ જેરી જોવા બેસી જતો.

ટોમ એન્ડ જેરી તેનો ફેવરિટ શો હતો. તેમાં જે રીતે જેરી ટોમને પરેશાન કરતો, તેને મૂરખ બનાવતો નોટીને ખૂબ મજા આવતી.

જ્યારે મા તેને સમય બગાડવા બદલ ઠપકો આપતી તો તે બહાર નીકળતો અને પાડોશીઓના ઘરના દરવાજાનો બેલ વગાડીને ભાગી જતો. પાછળથી આંટીઓ બૂમરાણ મચાવી મૂકતી, ઊભો રહે શેતાન, હમણા તારી મમ્મીને બોલાવું છું.'' પણ નોટી પર તેની કોઈ અસર નહોતી થતી. બધા તેની ફરિયાદ કરતા પણ સમજી નહોતા શકતા. તે નોટીને ઠપકો આપતી પણ નોટીના ગળે કોઈ વાત નહોતી ઊતરતી.

એક દિવસે ગભરાયેલા ભાઈએ ઘરે દોડીને ધ્રૂજતા ધ્રૂજતા મમ્મીને જણાવ્યું, ''આપણા વિસ્તારમાં બિલાડીઓએ ઉંદર પકડવાની જાળ બિછાવી છે. મોંઘી ચોકલેટ્સ અને લોભામણી વસ્તુ મૂકીને તે ઉંદરને ટ્રેપ કરે છે આપણે બધાએ સાવધાન થઈ જવું જોઈએ.''

આ સાંભળીને મમ્મી ડરી ગઈ. ''રિંપી, કૃપા કરી નોટીને સાવધાન રહેવા માટે કહી દે. હું કહી દઉં છું પપ્પા.'' જૂહીએ પપ્પાનું અભિવાદન કરતા તેમને બિલાડીઓ વિશે જણાવ્યું.

પપ્પા ચિંતિત દેખાયા, ''હા, સાંભળ્યું તો મેં પણ છે. તું પણ સાવચેત રહેજે અને બચ્ચાઓનું ધ્યાન રાખજે.'' રિંપી તો સાવચેતીથી ચાલતો, પણ નોટી પહેલાંની જેમ બિનધાસ્ત, બેફિકર મસ્તી કરવામાં મશગૂલ રહેતો. એ દિવસે તે સાઈકલ ચલાવવા નીચે જઈ રહ્યો હતો. ભાઈએ ના પાડી, ''એકલો ન જા, તને ખબર છે ને બહાર જોખમ છે.''

નોટી, નહીં સાંભળે, ''હું તમારી જેમ ડરપોક અને મૂરખ નથી. મને આ બિલાડાનો સામનો કરતા સારી રીતે આવડે છે.''

ભાઈએ સમજાવ્યો, ''હજી તું ખૂબ નાનો છે વધારે હોશિયાર ન બનીશ. મારી વાત માની જા, નહીં તો હમણાં મમ્મીને બોલાવું છું.''

''હા... હા... હા... આવ્યો મોટો મમ્મીનો ચમચો, બોલાવ જેને બોલાવવા હોય. હું તો ચાલ્યો.'' નોટી ફટાફટ નીચે ઊતરી ગયો.

ભાઈએ બૂમ પાડી, ''મમ્મી... મમ્મી... નોટી એકલો જ સાઈકલ ચલાવવા જઈ રહ્યો છે.''

મમ્મીએ ત્યાંથી જ બૂમ પાડી, ''અરે, રોક તેને, હું આવું છું.''

પણ જ્યાં સુધી મમ્મી બહાર આવી, નોટી ગાયબ થઈ ગયો. સાઈકલ ચલાવતાં ચલાવતાં તે ઘરથી દૂર નીકળી ગયો.





એક જગ્યાએ તેણે બોક્સ પડેલું જોયું. બોક્સની અંદર હીંચકા જેવું રોલર લાગેલું હતું અને અંદર ચોકલેટ્સ હતી. તે જોઈને નોટી ખુશ થઈ ગયો. અંદર ૨ બચ્ચાં હતા તેની જેમ જ રોલર પર હીંચકા ખાઈ રહ્યા હતા.

નોટીએ બાજુમાં સાઈકલ ઊભી રાખી અને બોક્સની નજીક ગયો. સૌપ્રથમ ચોકલેટ્સ ઉઠાવી, થોડી ખિસ્સામાં મૂકી થોડી મોંમાં ભરીને હીંચકા ખાવા લાગ્યો. તે ત્રણેય અંદર મસ્તી કરી હીંચકા ખાવા લાગ્યા.

રમતાંરમતાં અચાનક તેમને બિલાડાનો અવાજ સંભળાયો. તે બંને બચ્ચાં સતર્ક થઈ ગયા, જ્યારે નોટી રમવામાં મસ્ત હતો. તેમણે તેને કહ્યું, ''ભાગ, બિલાડો આવી રહ્યો છે.'' પણ તે તો સ્વયંને જેરી સમજતો હતો. તેણે કહ્યું, ''તમે ડરશો નહીં, હું જોઉં છું તે બિલાડો આપણું શું બગાડે છે?''

નોટી બડાશ મારી રહ્યો હતો કે બિલાડો બોક્સ ઉપર કૂદ્યો. ૩-૩ ઉંદર જોઈને તેના મોંમાં પાણી આવી ગયું.

''આજે તો મજા આવી ગઈ.'' તે ખડખડાટ હસવા લાગ્યો. તેણે બોક્સમાં પંજો નાખ્યો.

નોટીએ તેના પંજા પર બચકું ભરવાનો પ્રયાસ કર્યો, પણ તેણે પંજો ફેરવી લીધો. નોટી માંડ તેની પકડમાં આવતાં રહી ગયો.



નોટી હીંચકા પર ચઢીને તેના હાથ પર બચકું ભરવા ગયો, પણ રોલરના લીધે તે તેની પર ચઢી નહોતો શકતો. હવે તે થોડો ડરી ગયો. બિલાડાએ પંજો મારીને એક ઉંદરને પકડી લીધો.

તે ચીસો પાડવા લાગ્યો, ''બચાવો, બચાવો.'' પણ ત્યાં તેની મદદ કોણ કરતું?''

નોટી ગભરાઈ ગયો. તેને મમ્મીની યાદ આવવા લાગી. બિલાડાની લાલ ચમકતી આંખો તેને ડરાવવા લાગી. જેરી ટોમથી કેવી રીતે બચતો હતો યાદ કરવા છતાં યાદ નહોતું આવી રહ્યું. હવે તે શું કરે. તે કૂદીકૂદીને બોક્સમાંથી બહાર આવવાનો પ્રયાસ કરવા લાગ્યો, પણ બહાર નહોતો આવી શકતો. રોલર તેને વારંવાર નીચે પાડી દેતું.

એટલામાં તેને ભાઈ અને તેના મિત્રોનો અવાજ સંભળાયો, જે તેનું નામ લઈને તેને બૂમો પાડી રહ્યા હતા. ભાઈનો અવાજ સાંભળીને તેની હિંમત વધી ગઈ.

અવાજથી ચોંકી જતા બિલાડાના પંજામાંથી ઉંદર છૂટી ગયો. તે તરત એક ખૂણા તરફ ભાગ્યો.

અવાજ વધારે નજીકથી સંભળાઈ રહ્યો હતો. બિલાડો અવાજ સાંભળીને સતર્ક થઈ ગયો અને દબાયેલા પગલે ખસી ગયો.

ભાઈના મિત્રો મોટેમોટેથી બૂમો પાડી રહ્યા હતા.

તે પણ બૂમો પાડવા લાગ્યો, ''ભાઈ, હું અહીં છું.'' પણ બોક્સની અંદર હોવાથી અવાજ બહાર નહોતો સંભળાતો.


અચાનક રિંપીની નજર બોક્સ પર ગઈ. તે તરત તેની નજીક આવ્યો. તેણે જોયું, નોટી અને ૨ ઉંદર અંદર હતા. જોતા જ રિંપીને પૂરી વાત સમજાઈ ગઈ.

તેણે કહ્યું, ''નોટી ડરીશ નહીં, આપણે કોઈ ઉપાય શોધીએ છીએ.'' બોક્સ ઊંધું કર્યું તો તેનું મોં સામેની બાજુ ખૂલી ગયું. નોટી સાથે તે બંને ઉંદર પણ બહાર નીકળી આવ્યા.

નોટી દોડીને ભાઈને વળગી ગયો. ભાઈ તેને ઘરે લાવ્યો. ઘરે મમ્મીની રડીરડીને હાલત ખરાબ થઈ ગઈ હતી. તેમણે નોટીને ગળે લગાવી લીધો.

તે પણ મમ્મીને વળગીને રડી રહ્યો હતો, ''મને માફ કરી દે મમ્મી, હવે હું આવી ભૂલ ક્યારેય નહીં કરું. મસ્તી પણ નહીં કરું. હું અભ્યાસ પર ધ્યાન આપીશ, હું તારો સારો બચ્ચો બનનીને બતાવીશ.'' મમ્મીએ તેને પ્રેમથી ચૂમી લીધો. ભાઈ હું તમને બિલકુલ પરેશાન નહીં કરું.

નોટીએ ભાઈ અને તેમના મિત્રોનો આભાર માન્યો. જો આજે તે ન હોત તો બિલાડો તે ૩ ઉંદરને ખાઈ જાત, પણ ભાઈના લીધે ત્રણેયના જીવ બચી ગયા હતા. ●



રિસાઈકલ્ડ પ્લાન્ટર

સ્માર્ટ

સત્યા શ્રીવાસ્તવ

રિસાઈકલ્ડ એટલે કે તે વસ્તુ જેનો ઉપયોગ પહેલાં થઈ ગયો છે, તેનો ફરીથી ઉપયોગ કરો. ઘરે જૂના મગનો ઉપયોગ પ્લાન્ટર બનાવવામાં કરો.

તમારે જોઈએ : એક જૂનો મગ, ગુંદર, દોરીનું એક બંડલ.





૧. મગના હેન્ડલના તળિયે એક ગાંઠ બાંધો.



૨. મગની ઉપર ગુંદર લગાવી દો અને તેની ચારેબાજુ દોરીને કોઈલની જેમ લપેટી દો.



૩. એકવાર મગ જ્યારે સંપૂર્ણ રીતે ઢંકાઈ જાય, તો તેને ૩૦ મિનિટ માટે સુકાવા માટે રહેવા દો.



૪. પ્લાન્ટમાં માટી નાખી દો જેવું કે ચિત્રમાં છે અને એક છોડ વાવી દો.


હવે તમારું પ્લાન્ટર બનીને તૈયાર છે.



તમારા ઘરે આ સ્વયં બનાવવાનો પ્રયાસ કરો. અમને તમારી એન્ટ્રિ writetochampak@delhipress.in અથવા એક ફોટો પાડીને +91 9619587613 પર મોકલી દો.

ઉકેલો


બેમેળને બહાર કાઢો

1    

2    

3    

4    

5    

નિમ્ન શબ્દોને ઉકેલો.



A. હા રી મા મ

B. ર વૈં એ ચ ડ

C. વ ન સૂ મો ન ર્ષા

D. ય ના ડા ર સો

E. મિં પૂ સ્િ વ લ ગ









જવાબ છેલ્લા પાના પર છે.



વાતોડિયો ચાર્લી

વાર્તા • કવિતા રાય

ચાર્લી વાંદરો ખૂબ વાતોડિયો હતો. જંગલના બાકીનાં બાળકોની જેમ તેની હોબી પેઈન્ટિંગ, ડ્રોઈંગ, રમતગમત કે ગીતસંગીત ન રહેતા માત્ર વાતો કરવી હતી.

તે જ્યાં પણ જતો હતો, ત્યાં વાતો કરવા લાગતો હતો. તેની સાથે માત્ર વાતો શરૂ કરવાનો જ ઇંતેજાર હતો, બસ, તે પૂરી કહાણી સંભળાવવા લાગતો હતો. તેનાં મમ્મીપપ્પા, ટીચર બધા તેની આ ટેવથી પરેશાન હતા. બધા તેને સમજાવતા હતા કે ઓછું બોલવાનું રાખ, સમજીવિચારીને બોલ, વ્યર્થ વાતો કરવાથી નુકસાન થાય છે. તેના કોઈના સમજાવવાથી કોઈ ફરક જ નહોતો પડતો. તે એક કાનથી સાંભળતો અને બીજાથી કાઢી નાખતો હતો.

એક દિવસે ચાર્લીના ઘરે અચાનક કેટલાક મહેમાન

આવી ગયા. મમ્મીએ તેને સમોસા લાવવા બજાર મોકલ્યો અને કહ્યું, ''જલદી આવજે, ત્યાં કોઈની સાથે વાતો કરવા ન બેસી જતો.''

''સારું.'' એટલું કહીને તે બજાર તરફ ચાલી નીકળ્યો. ત્યાં દુકાન પર પહોંચીને સમોસાનો ઓર્ડર આપીને, તે પોતાનો નંબર આવવાની રાહ જોઈ રહ્યો હતો કે ત્યાં ઊભા બેડી શિયાળે તેની સામે ખૂબ ધ્યાનથી જોતા પૂછ્યું, ''અરે, તું હરિરામજીનો પુત્ર છે ને.''

બસ, ચાર્લી માટે એટલું જ પૂરતું હતું. તેણે કહ્યું, ''ના અંકલ, મારા પિતાનું નામ તો મનોહર છે અને મારું નામ ચાર્લી છે. હું 'જંગલ પબ્લિક સ્કૂલ'માં ૫ મા ધોરણમાં ભણું છું.''


તે સાંભળીને બેડીએ કહ્યું, ''અરે હા, સોરી બેટા, હું તારા પિતાને ઓળખું છું. તે ખૂબ સારા માણસ છે. મારે તેમનું જ કામ હતું.''

હવે ચાર્લી તો હરખાતો શરૂ થઈ ગયો, ''અરે વાહ, અંકલ તમે તો બધું જાણો છો. તમે સાચું કહ્યું, મારા પિતા એક મોટા બિઝનેસમેન છે. ત્યાં મુખ્ય બજારમાં 'જંગલ ઈલેક્ટ્રિોનિક્સ' અમારી જ દુકાન છે. અમારી દુકાનમાં મોંઘા ફ્રિજ, ટીવી, વોશિંગ મશીન અને એસી સિવાય ઈમ્પોર્ટેડ વિદેશી ઈલેક્ટ્રોનિક સામાન પણ મળે છે. તમારે ત્યાંથી ખરીદવું પડશે, પણ તમે પપ્પાને નહીં મળી શકો, કારણ કે તે ૩-૪ દિવસ માટે બહાર જઈ રહ્યા છે અને દુકાન પર કોઈ નહીં રહે.''

આ વાતો કર્યા પછી ચાર્લીને યાદ આવ્યું કે ઘરે મમ્મી અને મહેમાન સમોસાની રાહ જોઈ રહ્યા છે તે સમોસા લઈને દોડતો ઘરે પહોંચ્યો પણ ત્યાં સુધીમાં મહેમાન જતા રહ્યા હતા.

મમ્મી ખૂબ ગુસ્સામાં હતી. તેને જોતા જ બોલી, ''આવ બેટા, ખૂબ જલદી આવી ગયો, ભાષણ આપીને, હવે





તું જ ખાઈ લે બધાં સમોસાં, કારણ કે મહેમાન તો જતા રહ્યા.

ચાર્લી શરમિંદા થતા બોલ્યો, ''મમ્મી હું નકામી વાતો નહોતો કરી રહ્યો. ત્યાં દુકાન પર મને એક અંકલ મળી ગયા હતા. તે પપ્પાને ઓળખે છે અને તેમને પપ્પાનું કામ પણ હતું.'' એટલું કહીને તેણે બેડી સાથે થયેલી બધી વાત કરી.

તેની વાતો સાંભળીને પપ્પા એકદમ ચિંતિત થઈ ગયા. હવે ચાર્લીને લાગવા લાગ્યું કે આજે તો પપ્પાનો ઠપકો મળશે. પરંતુ પપ્પા તરત ઘરની બહાર નીકળી ગયા અને ચાર્લી એમ વિચારતા, ચુપચાપ પોતાના રૂમમાં જતો રહ્યો. ''ચાલો, બચી ગયા.''

બીજા દિવસે સવારે ચાર્લી સ્કૂલ માટે જવા તૈયાર થઈ રહ્યો હતો, ત્યારે દરવાજાની ઘંટડી રણકી. મમ્મીએ દરવાજો ખોલ્યો તો સામે ઈન્સ્પેક્ટર 'ચિત્તા સિંહ' ઊભો હતો અને તેમની સાથે આવેલા ૨ સૈનિકે બેડીને પકડી રાખ્યો હતો.

બેડીને જોતા જ ચાર્લીએ ચીસ પાડી, ''અરે, આ તો કાલવાળા અંકલ છે, જેને પપ્પાનું કામ હતું.''

''તેમને અંકલ ન કહીશ, આ તો પાકો બદમાશ છે. આ ફરીફરીને મોટા લોકોની માહિતી ભેગી કરે છે અને તક મળતા ત્યાં ચોરી કરે છે. જંગલ પોલીસને તેની કેટલાય દિવસથી શોધ હતી. હવે આ હાથ લાગ્યો છે.'' ઈન્સ્પેક્ટર ચિત્તા સિંહ બોલ્યો.

આ વાત સાંભળીને ચાર્લી ખૂબ આશ્ચર્યથી બેડી સામે જોતા બોલ્યો, ''મને લાગ્યું, આ સારા અંકલ છે અને તેમની મદદ કરવી જોઈએ.''

''તને તો બધા સારા જ લાગે છે. તું બોલતી વખતે વિચારતો નથી કે કોની સાથે અને શું વાત કરવી જોઈએ. કાલે તારી વાતો સાંભળ્યા પછી જ મને કંઈક ગડબડ લાગી રહી હતી તેથી મેં પોલીસને સાવચેત કરી દીધી હતી. જેનાથી આપણે બચી ગયા નહીં તો તારા આ સારા અંકલે તો અમારી દુકાન સાફ કરવાની પૂરી તૈયારી કરી લીધી હતી.'' પપ્પાએ થોડા ઊંચા અવાજમાં ચાર્લીને કહ્યું.

એટલું કહીને તેમણે ઈન્સ્પેક્ટર 'ચિત્તા સિંહ'ને ધન્યવાદ આપ્યા, જેમણે સમય પર કરેલી કાર્યવાહીથી બચી ગયા હતા અને પોલીસ બેડીને લઈને જતી રહી.

આજે પહેલી વાર ચાર્લીને પોતાની વાત કરવાની ટેવ માટે ખરાબ લાગી રહ્યું હતું. તેની સમજ્યાવિચાર્યા વિના બોલવાની ટેવથી આજે એક મોટું નુકસાન થઈ શકતું હતું. તેની આંખમાં આંસુ હતાં. તેણે એ જ સમયે પોતાની જાત અને મમ્મીપપ્પા સાથે પ્રોમિસ કર્યું કે તે ભવિષ્યમાં મતલબ વિનાની વાતો નહીં કરે અને હંમેશાં સમજીવિચારીને જરૂર પૂરતી વાત કરશે. ●


સ્ટિક્સ જોડો

પ્રશ્ન વાંચો અને જવાબ આપવા માટે માચીસની સળીને ધ્યાનથી જુઓ.

માત્ર માચીસની ૨ સળીને વધારીને સમીકરણને શું તમે ઉકેલી શકો છો?



નીચે બિલકુલ એકસમાન ૫ ચોરસ છે. માત્ર ૩ માચીસની સળીને વધારીને શું તમે એકસમાન ૪ ચોરસ બનાવી શકો છો?




જવાબ છેલ્લા પાના પર છે.

પ્રિયંકા બંસલ દ્વારા

યાદશક્તિ વધારો

વિશ્વ દૂધ દિવસ ૧ જૂને ઊજવવામાં આવે છે.
ચિત્ર જુઓ અને પ્રશ્નોના ઉત્તર આપો.

પ્ર.૧- કેટલાં પશુઓની ગણતરી તમે કરી શકો છો?
પ્ર.૨- મિલ્ક ફાર્મ પર શું જમા કરવામાં અને વહેંચવામાં આવે છે.
પ્ર.૩- સાઈકલ પર જઈ રહેલ માણસ કેટલી બરણી લઈ જઈ રહ્યો છે?
પ્ર.૪- તમે કુલ કેટલી બરણીની ગણતરી કરી શકો છો?



બર્થડે પાર્ટી

રોહનનો જન્મદિન ૨ દિવસ પછી આવવાનો છે. જન્મદિનની પાર્ટીને આયોજિત કરવા માટે આ શબ્દ યાદીમાંથી જન્મદિનની વસ્તુઓ શોધો અને વસ્તુઓની યાદી બનાવવામાં તેની મદદ કરો.

શં	ખ	સુ	સ	ર	પ્રા	ઈ	ઝ	ચં	જે	અં	કે	ક	ઘ	ક
મ	ગી	ઘા	ઈ	લા	દ	મુ	બ	ઈ	દે	ઑ	બ	ઈ	દે	પી
ઈ	તિ	ત	લ	મૂં	ઈ	ત	લી	લ	બ	ક	ગ	ના	ગ	ટો
સ	બૌ	ક	ન	બી	જિં	ગી	ચૌ	ફિ	ગુ	ટો	ગ	ત	ગ	ઘ
જા	ઈ	મા	પાં	ડે	ય	ચી	ગે	ન	લા	હે	ા	પી	પ	ડ
વ	જે	ર	ફિ	શ	લં	લ	આ	શૈ	ડ	રા	લા	જ	પ	ચ
ટ	નૌ	કો	ગ	ના	ગ	લ	ટિ	ન	ચ	ચી	લા	જ	પ	દો
ધી	ડ	ર્ડ	જ	પ	ડ	ભૌ	દા	ઝેં	લ	ચ	ગ	ઝા	ઉ	ર
ઘ	કા	અ	ડ	કેં	ગુ	અ	ઉ	પ	હા	ર	ગ	ગ	ઉ	ત
મં	ગુ	આં	ગ	ઝા	ઉ	પ	ટિ	ટિ	હ	રી	ગ	ઘ	ઉ	વ
ડ	કુ	જ	રી	કે	ન	દ	મ	કં	કં	ઝ	ગ	ટ	ન	શ
ચ	ડી	જ	લ	દિ	ષ	ફ	ગે	કં	કં	ઝ	ખ	ફ	ઉ	ષ
લ	કેં	કો	મ	ચ	ગ	સી	ટિ	ન	ચ	ચી	લા	જ	પ	ન
ગં	ખં	ં	ખ	ષ	અં	પૌ	અ	ચં	જે	અં	અ	દ	ઘ	લૂ
ર	જ	ક	ન	બે	જિં	ગ	ચૌ	ફિ	ગુ	ટો	ગ	ત	ગ	બ




જવાબ છેલ્લા પાના પર છે.

પ્રિયંકા બંસલ દ્વારા

વિચારો અને લખો

સ્વાતિને ૧૦ વૃક્ષો વાવવાની જરૂર છે. તેણે એ નિશ્ચિત કરી લેવું જોઈએ કે ૫ લાઈનમાં તેણે વૃક્ષો વાવવાના છે અને દરેક લાઈનમાં ૪ વૃક્ષ હોવા જોઈએ. તે એવું કેવી રીતે કરી શકે? જણાવો.



૨ મિત્રો રાહુલ અને મનીષ ગ્રોસરી એટલે કે કરિયાણાવાળાને ત્યાં સામાન ખરીદવા ગયા. જ્યારે સામાન ખરીદીને પાછા આવ્યા તો રાહુલે મનીષને કહ્યું.

જો તું મને તારી એક બેગ આપી દઈશ તો મારી પાસે તારાથી ડબલ બેગ થઈ જશે. જો મેં તને એક બેગ આપી દીધી તો આપણા બંને પાસે બેગની સંખ્યા એક સરખી થઈ જશે.

બોલો બંને કેટલી બેગ લઈ જઈ રહ્યા હતા?

જવાબ છેલ્લા પાના પર છે.

પ્રિયંકા બંસલ દ્વારા

અંતર જણાવો

અહીં ૧૦ ભૂલ છે. તમે તે ભૂલોને શોધી બતાવો.





આપણા અને તેમના ઘર

મનુષ્ય ઘર બનાવે છે અને તેમાં અનેક રૂમ બનાવે છે જેમ કે કિચન, બેડરૂમ, ટોઈલેટ, બાથરૂમ વગેરે. નેકેડ મોલ રેટ્સ એટલે નગ્ન તલ ઉંદર પણ આ જ રીતે પોતાના ઘરને વિભિન્ન રૂમમાં વહેંચી દે છે.

નેકેડ મોલ રેટ્સ સ્તનધારી છે અને આ પૂર્વ આફ્રિકામાં જોવા મળે છે. ઠીક એ જ રીતે જે રીતે આપણે ઘર બનાવીએ છીએ, તે પણ બિલ કે સુરંગ યોજનાનુસાર રીતે ખોદે છે જ્યાં તે ખોદવા માટે એક લાઈન બનાવે છે. પ્રાણીઓ, જે લાઈનની સામે હોય છે, ખોદવાનું શરૂ કરીએ છીએ, અને જે તેની પાછળ હોય છે, તે ધૂળ એટલે કે માટીની પાછળની તરફ લઈ જાય છે જ્યાં સુધી કે લાઈનનું અંતિમ પ્રાણી ધૂળને ખોદીને બહાર ન કરી દે.

આ ભૂમિગત સુરંગ અલગઅલગ કામો જેમ કે પાલનપોષણ ખાલાપીવા અને ખેતીવાડી માટે વહેંચાયેલા હોય છે. નેકેડ મોલ રેટ્સના મળમૂત્ર ત્યાગ માટે એક અલગથી બિલ હોય છે. જ્યારે ટોઈલેટ બિલ ભરાઈ જાય છે તો તે તેને તાજી માટીથી ભરી દે છે કે બંધ કરી દે છે અને એક નવું બિલ ખોદી લેવાય છે. આ જ કારણે તેમને સૌથી હાઈજીનિક એટલે કે જીવાણુ મુક્ત ઉંદર કહેવાય છે.

એક કોલોની જે છ ફૂટબોલ મેદાનના એક અંતરમાં ફેલાયેલી હોય છે, માં ૩૦૦ની નજીક મોલ રેટ્સ જોવા મળે છે.



નેકેડ મોલ રેટ્સ પાછળની તરફથી એટલી જ ઝડપથી ભાગે છે જેટલું કે આગળની તરફ આ ભાગી શકે છે.

દાદાજી અને વિશ્વ સાઈકલ દિવસ

વાર્તા ● વિવેક ચક્રવર્તી

રિયા, રાહુલ અને દાદાજી પાર્કમાં બેન્ચ પર બેઠા હતા.

દાદાજી, તેમની ટીશર્ટ પર 'પર્યાવરણના રક્ષક' કેમ લખ્યું છે?

એવું એટલે છે તે એક રીતે પર્યાવરણનું રક્ષણ કરી રહ્યા છે.

પણ દાદાજી, પર્યાવરણનું રક્ષણ કરવા માટે તો વૃક્ષો વાવવામાં આવે છે.

રિયા, પર્યાવરણનું રક્ષણ કરવા માટે આપણે માત્ર વૃક્ષો જ નથી વાવવા પડતા પરંતુ આપણે બીજા ઘણા કામ કરી શકીએ છીએ. આ લોકો એવું જ કંઈક કરી રહ્યા છે.

સાઈકલ ચલાવીને દાદાજી?

હા, સાઈકલ ચલાવીને. સાઈકલ પરિવહનનું એક ટકાઉ સાધન છે જે કોઈ પણ પ્રકારના ઈંધણનો ઉપયોગ નથી કરતી અને ન પ્રદૂષણ ફેલાવે છે. આ જ કારણ છે કે આ લોકો સ્વયંને પર્યાવરણના રક્ષક કહેવડાવી રહ્યા છે.

વાઉ, આપણે પણ સાઈકલની સવારી કરીશું અને શું આપણે પણ પર્યાવરણના રક્ષક કહેવાઈશું?


હા, આજકાલ વિશ્વના તમામ દેશ સાઈકલ ચલાવવાને પ્રોત્સાહન આપી રહ્યા છે જેથી પ્રદૂષણને ઘટાડી શકાય. સાઈકલના મહત્ત્વ અને લોકપ્રિયતાને વધારવાના દૃષ્ટિકોણથી 3 જૂનના રોજ વિશ્વ સાઈકલ દિવસ ઊજવવામાં આવે છે. તેનાથી લોકોમાં સાઈકલ પર પ્રવાસ કરવાનો ઉત્સાહ જાગશે અને તે અન્ય વાહનોના ઉપયોગથી બચશે.


સાઈકલ ચલાવવી ન માત્ર પર્યાવરણ માટે લાભદાયક છે પરંતુ તેનાથી આપણું સ્વાસ્થ્ય પણ સારું રહે છે.
જ્યારે આપણે પણ આજુબાજુની જગ્યાએ સાઈકલથી જઈશું અને અન્ય લોકોને પ્રોત્સાહન આપીશું કે તે પણ એવું જ કરશે જેથી પર્યાવરણ પ્રદૂષણથી મુક્ત થાય અને વધુમાં વધુ લોકો પર્યાવરણના રક્ષક બને.
SONAL
દાદાજીએ હસીને પોતાનું માથું હલાવ્યું.

નાની મારી લેખણ



ભારવિ નાયક કલિતા, ૧૩ વર્ષ
નવી દિલ્લી

વસંતની પ્રેરણા

ક્ષિતિજને સ્પર્શવું, એમેઝોન નદીનું કપાવું, પાણીના પ્રવાહનું ભેગું થવું, ઈંટ, માટી વિના લાઈબ્રેરી બનાવવી, એક લૂઝ શીટ પર પોતાના ભાવિને બનાવવું, એ નિશ્ચિંત કરવું કે આ સ્વચ્છ હોય, સૂર્યાસ્ત સમયે રંગના મિશ્રણને જોવા, જ્યારે વરસાદ પડી રહ્યો હોય તો ભીંજાઈ જવું, ઝાડીઓ અને ફૂલોનાં નામ જાણવા, ચંદ્રની અલગઅલગ અવસ્થાને આકાશમાં જોવી, સ્વયંને એક સંદેશ આપવા માટે પુસ્તકો વાંચવા, હિમયુગના સમયથી જે પક્ષી છે, તેમને જોવા, ઈન્દ્રધનુષને સ્પર્શવાની ઈચ્છા રાખવી, ચંદ્રની કિનારી પર બેસવાની ઈચ્છા હોવી, આ જ છે વસંતની પ્રેરણા. સત્યની કોપી ન કરી શકાય.

અનુષા શુક્લા, ૧૦ વર્ષ

જબલપુર



થીર્થ સુદીપ, ૭ વર્ષ
બેંગલુરુ

વરસાદ

આકાશમાં જે વાદળ બંધાય છે, તેમાંથી વરસાદ વરસે છે. તે ખૂબ ઊંચાઈ પર હોય છે. જ્યારે ધરતી પર વરસાદ વરસે છે, ત્યારે ખેડૂત અનાજનું ઉત્પાદન કરી શકે છે. જ્યારે હું કાદવમાં કૂદકા મારું છું, તો મને લાગે છે કે વરસાદનું આવવું એક ખૂબ જ સુંદર દૃશ્ય છે. જે તમામ વૃક્ષોને ચમકદાર બનાવી દે છે. મોનસૂન મારી મનપસંદ મોસમમાંથી એક છે, કારણ કે તેના ખૂબ સુંદર કારણ છે.

વિવાન કાક, ૭ વર્ષ
બેંગલુરુ



વૈષ્ણવિ ત્યાગી, ૧૦ વર્ષ
નોઈડા

પ્રકૃતિ મા

તે આપણા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને આપણી મદદનીશ છે. તે ક્યારેક નિષ્ફળ નથી થઈ શકતી. તે એક જ પ્રકારની છે. તેને કોઈપણ બદલી નથી શકતું. વહાલી પ્રકૃતિ મા, બધાં પ્રાણીઓ અને પક્ષીઓને તમે ઘર આપો છો. અમે તેમને કહીએ છીએ કે તમે તમારું કામ કરવાનું ન ભૂલી જતા. તે અમારું સમર્થન કરે છે. વહાલી પ્રકૃતિ મા, તમે તમામ કિંમતી મૂલ્યવાન વસ્તુઓ અમને આપો છો. જેમ કે જંગલ અને નદીઓ. પરંતુ હવે પ્રકૃતિ માનો વિનાશ કરવામાં આવી રહ્યો છે. અમે મનુષ્ય જ આ વિનાશનું કારણ છીએ. તેથી આવો, આપણે તેમને બચાવવા માટે એક થઈએ. આ મારી ઈચ્છા છે. આપણામાંથી કેટલાક તે માટે પ્રયાસ કરી રહ્યા છે, પૂરી તાકાત સાથે તમને બચાવશે. આપણને માત્ર એક નાનકડી મદદની જરૂર છે જેથી પ્રકાશ ફેલાવી શકાય. વહાલી પ્રકૃતિ મા, તમે બેફિકર રહો.

આર્યા ડોડાની અને અન્યા ગોયલ, ૧૦ વર્ષ
પૂણે



ઈફ્ફત જેહરા, ૧૦ વર્ષ
ઝાંસી


ખરાબ વિચારો

ખરાબ વાતો દરેક જગ્યાએ ફેલાઈ રહી છે, તેને રોકવા માટે તમે શું કરી શકો છો. સારી વાતો ફેલાવો અને સારું બોલો. ગુસ્સો ન કરો અને દુખી ન થાઓ. તરત જ આ બધી વાતો પૂરી થઈ જશે. સારાઈ ચોક્કસ આવશે જેથી શેતાનને રોકી શકાય અને ખોટાં કામ બંધ થઈ શકે. જે જરૂરિયાતમંદ છે, તેમની મદદ કરવાનું રાખે. તેથી જો તમે ઈચ્છો છો કે ખરાબ વસ્તુના પ્રભાવમાં તમે ન આવો તો બહાદુર બનો અને તમારા અધિકારો માટે સજાગ થતા શીખો. પૂરી શક્તિ સાથે દરેક પડકારનો સામનો કરો

આર. સહાના, ૧૦ વર્ષ ચેન્નઈ



આન્યા મેહતા, ૭ વર્ષ
પૂણે



આ એક કેલેન્ડર છે. તેને અમારા ૧૧ વર્ષના વાચક શિવમ પ્રાંજલે બિહારથી મોકલ્યું છે.

તમારા જોડકાં, જોક્સ, ચિત્ર કે વાર્તા તમારાં નામ, ઉંમર, સરનામાં અને ફોન નં. સાથે લખો :

 ચંપક, દિલ્લી પ્રેસ, એ-૪, શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧

 writetochampak@delhipress.in 9619587613

 www.facebook.com/ChampakMagazine

 http://www.youtube.com/ChampakSciQ

અમે તમારી સામગ્રી પાછી નથી આપી શકતા તેથી અમને મોકલેલી સામગ્રીની કોપી તમારી પાસે રાખો.

ગુપ્ત સંદેશ

વાર્તા • વંદના ગુપ્તા

પરાગવનના રાજા શેરસિંહ ખૂબ શાંતપ્રિય રાજા હતા. આજુબાજુના તમામ વન સાથે તેમના સારા સંબંધ હતા પણ નંદનવનના રાજા ક્રૂરસિંહ પરાગવન સાથે સારા સંબંધ બનાવવા નહોતા ઈચ્છતા. તેમની સેના ક્યારેક પરાગવનની હથિયાર ભરેલી ગાડી પર હુમલો કરતી તો ક્યારેક સૈનિકોને લઈ જતી ગાડી પર.

એક દિવસે શેરસિંહે પોતાના વન રક્ષામંત્રી હાડી વરુ સાથે મીટિંગ રાખી અને કહ્યું, ''મને એ નથી સમજાતું કે ક્યારે કઈ ગાડી ક્યાં જઈ રહી છે જેની પર હુમલો કરવાનો છે. આપણા વનની અંદરની વાતો ક્રૂરસિંહને કેવી રીતે ખબર પડી જાય છે. મને લાગે છે આપણા વનનો કોઈ અધિકારી તેની સાથે મળેલો છે.

''તમે ચિંતા ન કરો, મહારાજ. હું શોધીશ કે આપણા વનની ખબર ક્રૂરસિંહ સુધી કેવી રીતે પહોંચે છે.'' હાડીએ











શેરસિંહને વિશ્વાસ અપાવ્યો.

રોબી પરાગવનનો એક જાગૃત સસલો હતો. તે હંમેશાં ખબર સાંભળતો અને પોતાના વનના હિતમાં કામ પણ કરતો હતો. તે ફોટોગ્રાફર હતો અને તેણે પ્રાણીઓ અને પક્ષીઓના અનેક સુંદર ફોટા પાડ્યા હતા.

એક દિવસ તે સુંદર મોરનો પીછો કરતાં કરતાં પરાગવન અને નંદનવનની સરહદ નજીક પહોંચી ગયો. તે પોતાના મોબાઈલથી તેના ફોટા પાડી રહ્યો હતો ત્યારે તેણે નંદનવનના રક્ષામંત્રી દારા દરિયાઈ ઘોડાને હાર્ડી સાથે જોયો. તેને ખૂબ આશ્ચર્ય થયું કે તે બંને આખરે શું વાતો કરી રહ્યા છે?

તે ઝાડીઓમાં લપાતો છુપાતો તેમની પાસે પહોંચ્યો અને બંનેનો વીડિયો બનાવવા લાગ્યો. દારાએ હાર્ડીને રૂપિયા આપ્યા અને હાર્ડીએ તેને કહ્યું કે તે આગળ પણ આ જ રીતે પરાગવનની ખબર તેના સુધી પહોંચાડતો રહેશે.

તે જોઈને રોબી દંગ રહી ગયો. તે જાણતો હતો કે શેરસિંહ હાર્ડી પર ખૂબ વિશ્વાસ કરે છે, તેની વિરુદ્ધ કંઈ નહીં સાંભળે. પરંતુ હવે તેની પાસે હાર્ડી ગદ્દાર હોવાનો પાકો પુરાવો હતો. તે પુરાવો બતાવવા માટે ઝડપથી મહારાજના મહેલ તરફ ભાગ્યો.

રોબી ભાગતાં ભાગતાં એક પથ્થર સાથે અથડાઈ ગયો અને તેને પાછળના પગમાં ઈજા થઈ. ઈજા થયા પછી રોબી ઊઠીને ઝડપથી ભાગ્યો. તેણે ઝડપથી પોતાના મોબાઈલનું એસડી કાર્ડ કાઢ્યું, પણ તે ક્યાં મૂક્યું એ તેને ખબર ન રહી. તેને યાદ આવ્યું કે તે પોતાની સાથે એક નાનકડી ડબ્બીમાં બિસ્કિટ ખાવા લાવ્યો હતો, તેણે તેને ખાલી કરી અને એસડી કાર્ડ તેમાં મૂકી દીધું. તે સમયે એ પરાગવનના સરોવર પાસે હતો. ત્યાં અનેક વૃક્ષ હતા. તેણે એક વૃક્ષના મૂળ પાસે માટી ખોદી અને તે ડબ્બીને ખાડામાં દબાવી દીધી. હવે તેણે ફરી ભાગવાનું શરૂ કર્યું. પગમાં પીડાથી તેની ચાલ ધીમી થઈ ગઈ હતી. તે વચ્ચે અટક્યો જ્યાં હાર્ડીએ તેને પકડી લીધો.

''કોણ છે તું સરહદ પર શું કરી રહ્યો હતો?'' હાર્ડીએ કડક અવાજમાં પૂછ્યું.

''હું એક મોરનો ફોટો પાડી રહ્યો હતો.'' રોબીએ જણાવ્યું.


હાર્ડીએ રોબીનો મોબાઈલ છીનવી લીધો અને જોઈને બોલ્યો, ''મોબાઈલમાં મોરનો કોઈ ફોટો નથી.''

''ફોટો પાડું તે પહેલાં મોર ઊડી ગયો.'' રોબી બોલ્યો.

''તારા મોબાઈલનું એસડી કાર્ડ ક્યાં છે?'' હાર્ડીએ પૂછ્યું.

''તે મેં કાઢ્યું હતું પાછું નાખવાનું ભૂલી ગયો.'' રોબીએ વાત ઉપજાવી કાઢી.

''તું ખોટું બોલી રહ્યો છે, નક્કી કંઈક છુપાવી રહ્યો છે



નહીં તો કેમ?'' હવે વરુને જોઈને સસલું તો પોતાનો જીવ બચાવવા ભાગશે જ, હું તમને જોઈને ડરી ગયો હતો.

''મન તો થાય છે તને ખાઈ જાઉં પણ મને લાગે છે કે તું કંઈક છુપાવી રહ્યો છે અને જ્યાં સુધી હું એ ન જાણી લઉં ત્યાં સુધી તને જીવિત રાખવો પડશે.'' કહીને હાર્ડીએ રોબીને એક ગુફામાં બંધ કરી દીધો.

''હું ફરી આવીશ, જો જીવ વહાલો હોય તો કહી દે કે શું છુપાવી રહ્યો છે.'' કહીને હાર્ડીએ ગુફાને એક ભારે પથ્થરથી બંધ કરી અને જતો રહ્યો.

રોબીને પગમાં દુખાવો થતો હતો તેને ભૂખ પણ લાગી હતી. ત્યારે તેને યાદ આવ્યું કે ડબ્બી ખાલી કરતા તેણે બિસ્કિટ પોતાના ખિસ્સામાં મૂક્યા હતા. તેણે વિચાર્યું, ''બિસ્કિટ ખાઈને થોડો આરામ કરી લઉં પછી અહીંથી ભાગવાનો કોઈ ઉપાય વિચારીશ.''

રોબી બિસ્કિટ કાઢીને ખાવા લાગ્યો પણ ત્યારે તેની ગંધ આવતા એક ઉંદર ત્યાં આવ્યો.

''તું કોણ છે અહીં કવી રીતે આવ્યો?'' રોબીએ પૂછ્યું.

''મારું નામ ચિંટુ છે હું અહીં બિલ બનાવીને રહું છું.'' ઉંદરે કહ્યું. બિસ્કિટ ખાઈશ?

''હા, સુગંધ તો ખૂબ સારી આવી રહી છે પણ તને કકડીને ભૂખ લાગી હશે ને.'' ચિંટુએ બિસ્કિટ તરફ લાલચુ નજરે જોતા કહ્યું.

''શું તમારી પાસે બિસ્કિટ હશે.'' રોબી બોલ્યો.

''કોઈ વાંધો નહીં આપણે બંને વહેંચીને ખાઈશું.'' કહીને રોબીએ ચિંટુને બિસ્કિટ આપ્યા.

''તું આ ગુફાની બહાર જઈ શકે છે?'' રોબીએ બિસ્કિટ ખાતા પૂછ્યું.

''હા કેમ નહીં, રોજ જાઉં છું.'' ચિંટુએ કહ્યું પણ હવે તો ગુફાનું મોં બંધ છે.

કોઈ વાંધો નહીં મારા નીકળવા યોગ્ય અનેક તિરાડ છે પણ તું નહીં નીકળી શકે.

''તું મારા એક મિત્ર સુધી સંદેશો પહોંચાડીશ? જો જરૂરી ન હોત તો તને તકલીફ ન આપતો.''

''જરૂર પહોંચાડીશ, કોને શું કહેવાનું છે.'' ચિંટુએ પૂછ્યું.

રોબીએ થોડીવાર વિચાર્યું પછી ગુફામાં ચારેબાજુ નજર કરી ત્યારે તેને એક લાકડાનો ટુકડો દેખાયો તેણે તે ઉઠાવી લીધો, પછી તેણે એક અણીદાર પથ્થર શોધ્યો અને તેનાથી લાકડાના ટુકડા પર ૩ સૂરજ, સરોવર, વૃક્ષ લખી દીધું.

પછી તેણે ચિંટુને પોતાના એક મિત્ર રિકી રીંછનું ઠેકાણું જણાવતા કહ્યું, ''આ લાકડાનો ટુકડો રિકીને આપીને તરત આવી જજે અને કંઈ ન કહેતો.''

ચિંટુ તરત લાકડું લઈને રિકીના ઘરે પહોંચ્યો અને તેને લાકડું આપતા બોલ્યો, ''આ તારા મિત્ર રોબીએ મોકલ્યું છે.''

થોડીક વાર રિકી ચકિત થઈને લાકડાને જોતો રહ્યો.

''૩-૩ સૂરજ, સરોવર, વૃક્ષ, આ શું છે અને રોબી જાતે ક્યાં છે?'' રિકીએ પૂછ્યું.

પરંતુ જવાબ આપવા ચિંટુ ત્યાં નહોતો. તે લાકડું આપીને તરત ત્યાંથી જતો રહ્યો.

રિકીએ તરત રોબીને ફોન કર્યો પણ તેનો ફોન બંધ હતો. તે વિચારમાં પડી ગયો. તે રોબીને સારી રીતે જાણતો હતો જો તેણે કોઈ સંદેશ મોકલ્યો છે તો જરૂર તેનો કોઈ ખાસ અર્થ હશે, તે જાતે જોખમમાં હોઈ શકે છે. તે વારંવાર સંદેશને વાંચવા લાગ્યો.

રોબીએ ૩ સૂરજ કેમ લખ્યા? સૂરજ તો એક જ હોય છે. જ્યારે તેને કંઈ ન સમજાયું તો તે સરોવર કિનારે પહોંચ્યો. ત્યાં પણ તેને કોઈ ખાસ વાત ન દેખાઈ. તેણે આમ તેમ ચારેબાજુ જોયું. તેને એક ત્રીજું વૃક્ષ દેખાયું પણ કંઈ ન મળ્યું. તેણે ધ્યાનથી જોયું ક્યાંય એક સમાન ૩ વૃક્ષ પણ ન દેખાયા. તેણે દૂર દૂર જઈને જોયું ક્યાંક ૩ વૃક્ષ કોઈ ખાસ આકારમાં લાગેલા હોય પણ એવું પણ કંઈ નહોતું. હવે સૂર્યાસ્ત પણ થવા આવ્યો હતો. નિરાશ થઈને તે પાછો જવા નીકળ્યો.

તે રાત્રે રિકી ઊંઘી ન શક્યો, ''મારે આ સંદેશને દરેક સ્થિતિમાં ડિકોડ કરવો પડશે ખબર નહીં રોબી ક્યાં અને કઈ સ્થિતિમાં છે.'' બસ તે એ જ વિચારી રહ્યો હતો. વારંવાર વાંચવા અને ધ્યાનથી જોવા છતાં તે કંઈ ન સમજી શક્યો.

કેટલીય વાર પછી તેને ઊંઘ આવી તો તે સવારે મોડા સુધી ઊંઘતો રહ્યો. તેના પાડોશી વિલી નોળિયાએ તેને જગાડ્યો.

''શું વાત છે રિકી સવારના ૯ વાગી ગયા છે સૂરજ માથા પર આવી ગયો છે. આજે ઊઠવાનો ઈરાદો નથી? તબિયત તો ઠીક છે?''

ઊંઘ ઊડતા જ રિકીના મગજમાં ફરીથી રોબીએ મોકલેલો સંદેશ ફરવા લાગ્યો. અચાનક વિલીની વાત સાંભળી તેના મનમાં વિચાર આવ્યો ક્યાંક રોબીનો અર્થ દિવસના ૩ વાગ્યા તો નથી? તેને આશાનું એક કિરણ દેખાયું અને તેણે બપોરના ૩ વાગ્યે સરોવર પર જઈને જઈને જોશે.

૩ વાગ્યા પહેલાં જ રિકી સરોવર કિનારે પહોંચ્યો.

જો ૩ સૂરજનો અર્થ બપોરના ૩ વાગ્યા છે તો સરોવર અને વૃક્ષનો શું અર્થ છે? તે વિચારી રહ્યો હતો.



તે ક્યારેક સરોવરના પાણીને જોતો તો ક્યારેક આજુબાજુના વૃક્ષોને.

જેવો ૩ વાગ્યે સૂરજ એ દિશામાં આવ્યો કે માત્ર એક વૃક્ષનો પડછાયો સરોવરના પાણીમાં પડી રહ્યો હતો. રિંકી ખુશ થઈ ગયો, જરૂર આ વૃક્ષમાં કોઈ રહસ્ય છુપાયું છે જેનો ઈશારો રોબીએ પોતાના સંદેશમાં કર્યો છે. વૃક્ષ પર તો રોબી નથી ચઢતો વિચારીને તે નીચે વૃક્ષની ફરતે ફરવા લાગ્યો અને જવાબ શોધવા લાગ્યો.

એક જગ્યાએ તેને માટી ખોદાયેલી હોય એવું લાગ્યું, તેણે ત્યાં ખોદ્યું તો તેને રોબીએ છુપાવેલી ડબ્બી મળી ગઈ. રિંકીએ તેને ખોલીને જોઈ તો તેને એસડી કાર્ડ દેખાયું. તે તેને લઈને તરત ઘરે આવી ગયો અને પોતાના લેપટોપમાં નાખીને રોબીએ બનાવેલો વીડિયો જોયો.

તો આ ચક્કર છે! તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. આપણા વનનો રક્ષામંત્રી જ દુશ્મનો સાથે મળેલો છે. મારે આ વીડિયો તરત રાજા શેરસિંહને બતાવવો પડશે.

સમય બગાડ્યા વિના રિંકી શેરસિંહ રાજા પાસે પહોંચી ગયો અને એકાંતમાં તેમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી.





‘‘અત્યારે મહારાજ વ્યસ્ત છે તું કાલે આવજે.’’ એક સિપાઈએ કહ્યું.

‘‘મારું તેમને અત્યારે મળવું ખૂબ જરૂરી છે આપણા વનની સુરક્ષા જોખમમાં છે.’’ રિંકીએ કહ્યું.

એટલું સાંભળતા જ શેરસિંહે તેને તરત બોલાવી લીધા. રિંકીએ તેમને વીડિયો બતાવ્યો જેને જોઈને મહારાજ ચકિત રહી ગયા.

જેની પર આપણે સૌથી વધારે વિશ્વાસ કર્યો તે જ ગદ્દાર નીકળ્યો. તેમણે કહ્યું.

‘‘આ વીડિયો તેં બનાવ્યો છે.’’ તેમણે પૂછ્યું.

‘‘ના મહારાજ, મારા મિત્ર રોબીએ ચિંટુના હાથે આ ગુપ્ત સંદેશ મોકલ્યો, હું તેને સરોવર પાસેથી કાઢીને લાવ્યો છું, મને લાગે છે રોબીના જીવને પણ જોખમ છે ખબર નહીં હાર્ડીએ તેને કઈ સ્થિતિમાં રાખ્યો છે. જે તેણે આ ગુપ્ત સંદેશ મોકલવો પડ્યો.’’ રિંકીએ પૂરી વાત જણાવતા કહ્યું.

શેરસિંહને હાર્ડી પર ખૂબ ગુસ્સો આવ્યો. તેમણે તેની જેલર જોજો હાથીની મારપીટ કરાવી તો તેણે રોબીની ગુફાનું સરનામું જણાવ્યું.

રોબીને તરત ગુફામાંથી બહાર કાઢવામાં આવ્યો અને રાજમહેલ લાવવામાં આવ્યો. રિંકીએ તેને પૂછ્યું, ‘‘તારે ગુપ્ત સંદેશ મોકલવાની શું જરૂર હતી, ચિંટુ સાથે ગુફાનું સરનામું મોકલાવ્યું હોત તો અમે તને કાલે જ બહાર કાઢી લાવતા અને હાર્ડી વિશે પણ તું જ મહારાજને જણાવી દેતો, એસડી કાર્ડ પણ તું જ કાઢી લાવતો.’’

‘‘મહારાજ હાર્ડી પર ખૂબ વિશ્વાસ કરતા હતા. વીડિયો જોયા પછી આપણી વાત પર વિશ્વાસ ન કરતા એટલે પહેલાં વીડિયો બતાવવો ખૂબ જરૂરી હતો. હું ચિંટુને બરાબર નહોતો જાણતો. કદાચ હાર્ડીએ જ મારી પર નજર રાખવા માટે મોકલ્યો હોય.

હું તારો જીવ પણ જોખમમાં નહોતો મૂકવા ઈચ્છતો અને મને એ પણ ડર હતો કે સંદેશ કોઈ બીજાના હાથે ન લાગી જાય એટલે મારે આ સાવચેતી રાખવી પડી.’’ રોબીએ જણાવ્યું.

‘‘અને જો હું તારો ગુપ્ત સંદેશ સમજી ન શકતો તો?’’ રિંકીએ પૂછ્યું.

હું તને સારી રીતે જાણું છું, તારી બુદ્ધિ પર મને પૂરો વિશ્વાસ છે.’’ રોબીએ કહ્યું.

શેરસિંહ કેટલીય વારથી તે બંનેની વાત સાંભળી રહ્યા હતા. ‘‘જેટલી સૂઝબૂઝ અને ચતુરાઈથી તેં સંદેશ મોકલ્યો અને જે રીતે રિંકીએ તેનો અર્થ સમજ્યો હું તમારા બંનેની ચતુરાઈ અને વનપ્રેમ જોઈને ખૂબ ખુશ થયો છું અને મેં એ નિર્ણય લીધો છે કે હવેથી રોબી પરાગવનનો રક્ષામંત્રી અને રિંકી સલાહકાર બનશે.’’ શેરસિંહે કહ્યું.

‘‘પણ સૌથી પહેલાં રોબીના પગનો ઈલાજ કરાવવામાં આવે.’’ તેમણે આદેશ આપ્યો.

રોબો અને રિંકી ખૂબ હતા કારણ કે હવે તેમના વનની સુરક્ષાને કોઈ જોખમ નહોતું. ●

ઉત્તર પૃષ્ઠ :

પૃષ્ઠ ૯ : વિશ્વ પર્યાવરણ દિન :

પૃષ્ઠ ૧૧ : મેથ ફન :

ગોળ ભરેલી બેગ્સ

૧૨ દિવસમાં ૨૫ ઘોડા ૫ બેગ ગોળ ખાય છે.

૧ દિવસમાં ૧ ઘોડો ૫/૧૨ બેગ ગોળ ખાય છે.

૧ દિવસમાં ૧ ઘોડો ૫/૧૨X૨૫ બેગ ગોળ ખાય છે.

૧ દિવસમાં ૧૦ ઘોડા ૫X૧૦/૧૨X૨૫ બેગ ગોળ ખાય છે

એટલે ૧૮ દિવસમાં ૧૦ ઘોડા ૫X૧૦X૧૮/૧૨X૨૫ બેગ

=૩ બેગ ગોળ ખાશે.

૨૭ વિદ્યાર્થી

સ્પષ્ટતા : વિદ્યાર્થીઓની કુલ સંખ્યા : -૧૬+૧૨-૧=૨૭

પૃષ્ઠ ૧૫ : બીચ પર એક દિવસ :

ટુ	વા	લ	ચૌ	ગી	ગૌ	હ	લે	સા	રે	પ	પ	ડા
ટ	કે	બ	વિ	ત	પ	ઘૌ	મૌ	ગૌ	ત	પ	બ	અ
ચૌ	ચી	મ	ગ	ફ	ળી	ઈ	કં	નૂ	મ	કે	બૌ	ઘૂ
ન	ચી	ટ	સૂ	મ	વ	સ્	કં	પ	હે	ઈ	લે	પ
ર્ડ	ચી	ટ	ગે	ચી	નૂ	ફ	પ	ફૂ	લ	ટ	ફૌ	છાં
ગા	પૂ	આ	અ	સ	નો	પ	કિ	નૌ	શ	કં	ના	યા
ફ	પા	મં	૯	મુ	પ	જ	ડ	ફિ	રી	ક	ર્ડ	જં
ઈ	બૌ	ઈ	ઘ	દ્ર	ઘ	એ	લી	ચૌ	ગો	કે	બો	ખા
લા	પુ	બ	પ	મં	માં	જે	પિ	ફો	ગ	દ	ર્ફ	રી
ક	નિ	ક	પિ	મં	ફિ	લ	પ	ફ	લો	પ	સ	કં
અ	દ	લ	વ	જ	ણ	નિ	ર	ર્ટ	પિ	ટા	કં	કં
પ	મં	જ	ણ	નિ	કં	ર્ટ	પિ	હ	કં	ઝ	ર્રાં	પ
ડ	મં	સ	ન	૭	લા	સ	પિ	કં	લ	ઝ	પ	ખ

પૃષ્ઠ ૩૧ : ઉકેલો :

બેમેળને બહાર કાઢો

૧. **શર્ટ**, ચમચી, ચંદ્ર, જૂન

૨. કૂદવું, **શંખ**, ઊંટ, ટેકરો

૩. જેલ, પત્ર, ખિસકોલી, **કરચલો**

૪. પતંગ, ટાઈ, **બોટલ**, ખરીદી

૫. રોલ, **ઘૂંટણ**, મત આપવો, ટોલબૂથ

નિમ્ન શબ્દોને ઉકેલો

A - મહામારી

B - એડવેંચર

C - મોનસૂન વર્ષા

D - ડાયનાસોર

E - સ્વિમિંગ પૂલ.

પૃષ્ઠ ૩૫ : મેચ સ્ટિક્સ જોડો :

ડાર્ક કરેલી માચીસની સળીને વધારાઈ છે.

પૃષ્ઠ ૩૭ : બર્થડે પાર્ટી :

શં	ખ	સુ	સ	ર	પ્રા	ઈ	ઝ	ચં	જે	અં	કે	ક	ઘ	ક
મ	ગી	ઘા	ઈ	લા	દ	મું	બ	ઈ	દે	ઔ	બ	ઈ	દે	પી
ઈ	તિ	ત	લ	મૂં	ઈ	ના	લી	લ	બ	ક	ગ	ના	ગ	ટો
સ	બૌ	ક	ન	બે	જિં	ગાં	ચૌ	ફિ	ગુ	ટો	ગ	ત	ગ	ઘ
જા	ઈ	મા	પાં	ડે	ય	ચી	ગે	ન	લા	હે	૧	પી	પ	ડ
વ	જે	ર	ફિ	શ	લં	લ	આ	શે	ડ	રા	લા	જ	પ	ચ
ટ	નૌ	કો	ગ	ના	ગ	લ	ટિ	ન	ચ	ચી	લા	જ	પ	દો
ઘી	ડ	ર્ડ	જ	પ	ડ	ભૌ	દા	ઝૈં	લ	ચં	ગ	ઝા	ઉ	ર
ઘી	ડ	ઘ	ડ	કેં	ગુ	અ	ઉ	પ	હા	ર	ગ	ગ	ઉ	ત
મં	ગુ	આં	ગ	ઝા	ઉ	ગ	ટિ	ટિ	હ	રી	ગ	ઘ	ઉ	વ
ડ	કુ	જ	રી	કે	ન	દ	લ	કં	કં	ઝ	ગ	ટ	ન	શ
ચ	ડી	જ	લ	દિ	ષ	ફ	ખે	કં	કં	ઝ	ખ	ફ	ઉ	ષ
લ	કેં	કો	મ	ચ	ગ	સી	ટિ	ન	ચ	ચી	લા	જ	પ	ન
ગં	ખં	૰	ખ	ષ	ગ	પૌ	હ	ચં	જે	અં	અ	દ	ઘ	લૂ
ર	જ	ક	ન	બે	જિં	ગ	ચૌ	ફિ	ગુ	ટો	ગ	ત	ગ	બ

પૃષ્ઠ ૩૮ : વાંચો અને લખો :

તેણે તારાના આકારમાં વૃક્ષ વાવવાની જરૂર છે.

રાહુલ ૭ બેગ્સ લઈ જઈ રહ્યો છે જ્યારે મનીષ ૫ બેગ્સ લઈ જઈ રહ્યો છે.